Permitted to Post at PSO-AHD : On every Wednesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઈકોનોમિક રેવલ્યૂશન

## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૧૨ ● તા. ૧૬.૦૩.૨૦૧૦ થી ૨૨.૦૩.૨૦૧૦ ● ચૈત્ર સુદ ૦૧ થી ચૈત્ર સુદ ૦૭ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## આગામી બજારની ચાલ એડવાન્સ ટેક્ષના આંકડા આધારિત રહેશે જે હકારાત્મક રહેશે

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૯૦૯૫૧૨૫૭૯

નમસ્કાર મિત્રો,

બજેટ બાદ સતત પ્રવર્તી રહેલું હકારાત્મક વલણ ગત સપ્તાહ દરમ્યાન પણ જારી રહેતુ જોવા મળ્યું હતું. એનએસઈનો નિફ્ટી આંક સતત સાતમાં દિવસે મોટી વધઘટ નોંધાવ્યા વગર ફલેટ બંધ રહ્યો હતો. જો કે તેની પહેલ બજેટના પગલે ત્રણ દિવસ સતત બજારો ઉછળ્યા હતા. જ્યારે સપ્તાહ દરમ્યાન બજારોમાં નિફ્ટી આંક ૭૦ પોઈન્ટ અને સેન્સકસ ૨૦૦ પોઈન્ટની ટૂંકી રેન્જમાં ચાલતો જોવા મળ્યો હતો.

વૈશ્વિક સ્તરેથી પણકોઈ ખાસ અથવા નિર્ણાયક સંકેતોના અભાવ રહ્યો હતો. જ્યારે પ્રાદેશિક મોરચે શુક્રવારે જાહેર થયેલા આઈઆઈપી એટલે કે ઔદ્યોગિક વિકાસના આંકડાઓ પર બજારની નજર હતી. જો કે બજેટ બાદ એફઆઈઆઈ દ્વારા લગભગ ૧ અબજ ડોલર એટલેકે ૪૦૦૦ કરોડ રૂપિયા જેવી ચોખ્ખી લેવાલી કરવામાં આવી છે એ બીના રોકાણકારો માટે વર્ષ ૨૦૧૦માં બજારોનો મુડ હકારાત્મક જુકાવ રહેશે તે તરફનું વલણ બનાવવામાં સફળ રહેશે તેવું લાગે છે.

ઉપરાંત એપ્રિલમાં રિઝર્વ બેંક દ્વારા સંભવિત વ્યાજ દર વધારો આવવાનો છે તેવી ચર્ચા પણ બજારના વિશેષજ્ઞો વર્તુળમાં ચાલવા લાગી છે. જો કે લેખકના મતે વ્યાજ દરમાંવધારો કરવાની આરબીઆઈને કોઈ ઉતાવળ નથી તેમજ આરબીઆઈ અન્ય માર્ગો એ નાણા પ્રવાહીતાને ચુસ્ત કરી શકે તેટલું તેની પાસે રૂમ તો છે જ. ઉપરાંત વ્યાજ દર માં વધારો આવશે તો પણ બજારોમાં આ બીનને અતિ ભારે ખરાબ સમાચાર નહીં ગણે અથવા તો કહો કે ના ગણવા જોઈએ. પરંતુ બજારોને કરેક્શન આપવું હોય છે ત્યારે એને કારણ વગરના કારણો ને પણ આગળ ધરે છે અથવા મીડીયા વર્ગ એવું કરે છે.

ખેર, વિતેલા સપ્તાહ દરમ્યાન પ્રસિદ્ધ થયેલા આઈઆઈપીના આંકડાઓ હકારાત્મક રહ્યા હતા. જેમાં જાન્યુઆરી ૨૦૦૯ના ૧ ટકા ની સામે આઈઆઈપી ઈન્ડેક્ષમાં જાન્યુઆરી ૨૦૧૦માં ૧૬.૭ ટકાનો વધારો થયેલો જોવા મળ્યો હતો. મિત્રો આપણે ડેબ્ટ-ફ્રી કંપનીઓ એટલે કે દેવામુક્ત કંપનીઓ વિશે છેલ્લા છ મહિનાથી ભાર મૂકીને રોકાણ અંગે ભલામણ કરતા આવ્યા છીએ, ઉપરાંત એફએમસીજીની પણ પસંદગીની કંપનીઓમાં રોકાણની વાત સતત કરી હતી. આપણે જોયું છે કે આ બંને પ્રકારના વર્ગીકરણમાં આવનારી મહત્તમ કંપનીઓના શેરો અત્યારે વાર્ષિક ઊંચા ભાવો પર ચાલી રહ્યા છે. વિગતે રિપોર્ટ આગામી અંકમાં કરીશું.

**ઓસીએલ ઈન્ડિયા લી. :**

અગાઉ ઓરિસ્સા સીમેન્ટ લી. નામની આ કંપની હવે દાલમીયા ગ્રુપની કંપની છે. દાલમીયા ગ્રુપની અન્ય કંપનીઓમાં જીટીસી, ઈલેક્ટ્રોસ્ટીલ કાસ્ટીંગ, જીએચસીએલ, રેવતી ઈક્વિપમેન્ટ, દાલમીયા ભારત સીમેન્ટ, વગેરે છે.

ઓસીએલ લી. વાર્ષિક ૧૧૦૦ કરોડથી વધુ વેચાણ ધરાવે છે. તેમજ વેચાણ અને નફા વૃદ્ધિમાં સાતત્યતા ધરાવે છે. છેલ્લા ૫ નાણાંકીય વર્ષના સરેરાશ ઈપીએસ પર પીઈ રેશિયો ૫.૨૫ બેસે છે કે જે વર્તમાનમાં અત્યંત આકર્ષક છે. તેમજ કંપનીનું પ્રદર્શન જોતા રોકાણકારને આગામી ૩ થી ૬ મહિનામાં ૫૦ થી ૧૦૦ ટકા વળતર મળી શકે છે.

સિગારેટ મેન્યુફેક્ચરિંગમાં એફડીઆઈ એટલે કે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પર પ્રતિબંધની અસરો શુ આવશે ? વીએસટી ઈન્ડ., આઈટીસી લી., જીટીસી અને ગોડફ્રાય ફીલીપ્સ જેવી લીસ્ટેડ કંપનીઓ પર શું અસર થશે ? તે માટે વધુ વિગતો આવનારા અંકોમાં રજૂ કરીશું.

## ૧૫મી માર્ચ થી ૧૯ મી માર્ચ સુધી બજારનો રિવ્યૂ

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

**નિફ્ટી (૫૧૩૭)**
**સેન્સેક્ષ (૧૭૧૬૭)**
**તા. ૧૨.૩.૧૦**

અમોએ જણાવેલ કે 'ટેકનીકલ રુખ હજુ પણ ઉર્ધ્વગતિ તરફી સાબૂત જ છે પરંતુ એમ લાગે છે બજાર ૫૧૭૫ ની સપાટીની આસપાસ વેચવાલીના દબાણનો સામનો કરશે અને ૫૦૦૦ ની આસપાસ ટેકો લેશે. જેથી મોટે ભાગે આ રૂખ સાઈડવે લાગી રહેલ છે'

બજાર અપેક્ષા મુજબ સંપૂર્ણ રીતે હકારાત્મક રહેલ છે અને અમારી મજબૂત પ્રતિકારક સપાટી ૫૧૭૫ નજીક બંધ આપેલ છે.

ટેકનીકલ રુખ હજુ પણ ઉર્ધ્વગતિ તરફી સાબૂત જ છે પરંતુ એમ લાગે છે બજાર ૫૧૭૫-૫૨૫૦ ની સપાટીની આસપાસ વેચવાલીના દબાણનો સામનો કરશે અને ૫૧૦૦ ની આસપાસ ટેકો લેશે. જેથી મોટે ભાગે આ રૂખ સાઈડવે લાગી રહેલ છે.

નિફ્ટી માટેનો ટેકો ૫૧૦૦ થી ૪૮૫૦ છે અને મજબુત પ્રતિકારક સપાટી ૫૧૭૫ થી ૫૨૫૦ છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૦૦૦ થી ૧૬૫૭૫ છે અને મજબુત પ્રતિકારક સપાટી ૧૭૩૨૨ થી ૧૭૫૦૦ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી ૫૦૦૦ની સપાટી પર બજાર ટકી રહે ત્યાં સુધી હું લાંબા ગાળા માટે રોકાણ કરીને વેપાર કરવાની ભલામણ કરું છું.

બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર
ફક્ત માસિક રૂ. ૧૦૦૦
એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ વિગત માટે : નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭

## કરન્સી માર્કેટ

### ટ્રેડર્સ માટે ટેકનીકલ એનાલીસીસ



સંજય લાડ
મો. ૯૮૨૦૯૨૦૫૩૦

**કરન્સી માર્કેટ વિશેષતાઓ :**

ટ્રેડર્સ માટે કરન્સી માર્કેટ (ચલણી નાણાંનું બજાર ) એ ખૂબ જ મોટું બજાર છે. જે ટ્રેડર્સને ટેકનીકલનું સારું જ્ઞાન હોય તેઓ ચલણી નાણાના બજારમાં જૂજ નફા સાથે વ્યાપાર કરી શકે છે. આપણા શેર બજાર કરતાં જો કે તેમાં કમાણી ઘણી વધુ હોય છે.

**ચલણી નાણાં બજારનું મહત્વ**

**૧.** લીવરેજ વધારે તેથી વેપાર માટે માર્જીન ઘણું ઓછું જોઈએ.

ટ્રેડર્સ ૧૦૦ યુ. એસ. ડોલરનો વ્યાપાર કરી શકે અને દિવસ દરમ્યાન ૨૦ થી ૩૦ ડોલર કમાઈ પણ શકે. (શકય છે કે બે કલાકમાં આટલું કમાઈ શકે.)

**૨.** તે સપ્તાહમાં સાત દિવસના ચોવીસે કલાક ચાલે છે.

**૩.** ટ્રેડીંગ એકાઉન્ટ ખૂબ જ સાદી પ્રક્રિયાથી ખોલી શકાય છે.

**૪.** પે ઈન અને પે આઉટ (પૈસાની ચુકવણી કરવી અને પરત મેળવવા ) ખૂબ જ સહેલું છે. **૫.** બીજા ખર્ચાઓની કોઈ જરૂર નથી દા. ત. ટેકનીકલ ચાર્ટ માટે બીજા ખર્ચા વગેરે.

## માર્ચના અંત સુધી થોભો અને રાહ જૂઓ એપ્રિલ - ૨૦૧૦ની શરૂઆતથી ચૂનંદા રોકાડાના શેરો ઉપર ધ્યાન કેન્દ્રિત કરો

### ગોલ્ડ માઈન

મોના વકીલ

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સુચકઆંક ૧૭૧૬૦ ઉપર મજબૂત બંધ આવ્યો છે. ફેબ્રુઆરીના બજેટે બજારની રુખ તેજી તરફી કરી છે. પણ હંમેશા માર્ચ મહિનામાં નફા નુકસાનના આંકડા કાઢવાનો હોવાથી ઓપરેટરો મોટી પોઝીશન બનાવતા નથી. તેથી વાતાવણ નિરસ હોય છે. તેથી અત્યારે પાતળા નફાએ લે વેચ કરી કમાવવાની વૃત્તિ રાખવી જોઈએ. જાન્યુઆરીના ઈન્ડસ્ટ્રીયલ આઉટ પુટના આંકડા ખૂબ સુંદર આવ્યા છે. પણ બજારે આ સમાચાર અગાઉથી ડીસ્કાઉન્ટ કર્યા છે.

સરકારે તેલનો ભાવવધારો પાછો ખેંચવાની ના પાડી દીધી છે એનો અર્થ સરકારને નણાંકીય બીલ પસાર કરતી વખતે ઉની આંચ નહીં આવે. આ બુલિશ વસ્તુ છે. એનએમડીસીના ઈસ્યુ સરકારી મદદથી પૂરો ભરાઈ ગયો છે. પણ આ હેલ્ધી નિશાની નથી.

વર્ષાઋતુ અંગેના જાણકારો માને છે કે જે વર્ષે દુકાળ પડે તેવો ઓછો વરસાદ હોય તેના બીજા વર્ષે ઈશ્વરકૃપાથી ધોધમાર વરસાદ પડે છે જેથી આ વર્ષે મોનસુન ખૂબ સંતોષકારક રહેશે તેવી આગાહી છે. આ ઉપરાંત વરસાદ ખેંચી જાય તેવા દબાણો આ વખતે અમેરિકાના ઉપખંડ બાજુમાં છે. જેથી પણ આ વિભાગના નિષ્ણાંતો સુંદર વરસાદની આગાહી કરે છે. અને જો આવું બને તો દિવાળી વખતે શેર બજાર ધમધમી ઉઠે. આપણા દેશની ખરીદશક્તિનો આધાર વર્ષા ઋતુ ઉપર પણ છે.

ભારતના રાજકીય સત્તા તથા બાહોશ અમલદારો આપણી ઈકોનોમીને મંદિનો સ્પર્શ થવા દીધો નથી. આગામી અઠવાડીયામાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. એપીએમ ઈન્ડસ્ટ્રીઝ**

**બીએસઈ કોડ. ૫૨૩૫૩૭** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૪૧ માં મળતો રાયગરીયા ફેમિલી દ્વારા પ્રમોટ થયેલી પોલી વિસ્કોસ અને સિન્થેટીક બ્લેન્ડેડ યાર્નનું ઉત્પાદન કરતી આ કંપની આ ભાવે લેવા જેવી છે. જેના કારણ નીચે મુજબ છે.

(૧) ૩૧-૧૨-૦૯ના કવાર્ટર માટે કંપનીએ ખૂબ સુંદર પરિણામો બતાવ્યા છે. ૪ કરોડ ૩૦ લાખની કેપીટલ ઉપર ૨ કરોડ ૧૪ લાખનો નેટ પ્રોફીટ બતાવ્યો છે. વાર્ષિક ઈપીએસ ૧૨ થી ૧૪ આવી શકે છે. આમ ફક્ત ૩ ના પી.ઈ. થી મળે છે.

આ કંપનીના પ્રમોટરો પ્રખ્યાત ઓશિએન્ટ એબ્રુયુસીવ ગ્રુપના છે. જે શેર હોલ્ડરને આપવામાં ખૂબ લીબરલ છે. ઓરિએન્ટ એબ્રુયુસીવ ૧ રૂા.ના શેરનો ભાવ ૨૮ રૂા. ચાલે છે.

(૩) આ કંપનીના શેરની બુક વેલ્યુ ૮૦ રૂા. છે. એટલે કે બોનસની શક્યતા પ્રબળ છે.

(૪) એપ્રિલ ૨૦૦૮ થી માર્ચ ૨૦૦૯ના વર્ષ માટે જ્યારે બધી કંપનીઓએ લોસ બતાવેલો ત્યારે આ સેક્ટરમાં આ કંપનીએ બે રૂપિયા પચાસ પૈસાની ઈપીએસ બતાવી છે.

(૫) કંપનીની શેર કેપીટલ ખૂબ નાની છે. ફક્ત ૪ કરોડની જેની સામે ૨૦૦ કરોડનું વેચાણ કંપની કરે છે.

૬ મહિના રાખનારને ખૂબ મોટો ફાયદો થશે. ૪૧ રૂા.ના ભાવે અચુક લેવાય.

**૨. કીલબર્ન કેમિકલ**

**બીએસઈ કોડ. ૫૨૪૬૯૯** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૪૧ માં મળતો આ શેર આ ભાવે અચુક લેવાય.

(૧) કંપની છેલ્લા ત્રણ કવાર્ટરથી સુંદર પરિણામો બતાવી રહી છે. ૩૧-૧૨-૦૯ના કવાર્ટરમાં ૫૦૦ ટકાનો ઉછાળા સાથે ૧ કરોડ ૧૯ લાખનો નફો બતાવ્યો છે.

(૨) ૯ મહિનાનો નફો ૩૨૬ ટકા ઉછળી ૩ કરોડ ૬૨ લાખ થયો છે.

છેલ્લા કેટલાય વખતથી આ ભાવે એક્યુમુલેટ થાય છે, અચુક લેવાય.

**૩. અજીત પલ્પ પેપર મિલ :**

**બીએસઈ કોડ. ૫૯૦૦૫૮** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૩૯ માં મળતો છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત ડીવીડન્ડ ચૂકવતો પેપર ક્ષેત્રનો આ શેર તેના ફન્ડામેન્ટલ જોતા અચુક લેવા જેવો છે. કંપનીએ ૩૧-૧૨-૦૯ના કવાર્ટર માટે નફામાં ૩૦૦ ટકાનો ઉછાળો બતાવી ૧ કરોડ ૬૨ લાખનો નફો બતાવ્યો છે. જે ખૂબ સુંદર કહેવાય. વેચાણમાં ફક્ત ૨૨ ટકાનો વધારો જ્યારે નફામાં ૩૦૦ ટકાનો ઉછાળો એ ખૂબ સુંદર કહેવાય. આ ભાવે ૩૮ અચુક લેવાય. દિવાળી સુધી રાખનારને ખુબ સુંદર વળતર મળશે.

આગલા બે અંક પહેલા ૫૦માં લેવા જણાવેલ પીસી કાસ્મો હાલ ૯૦ રૂા. ચાલે છે. ૫૦ ટકાનો નફો બુક કરાય.

**૪. આંધ્ર પેટ્રોલ**

**બીએસઈ કોડ. ૫૦૦૦૧૨** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૧૫ માં મળતો આંધ્ર સરકાર દ્વારા પ્રમોટ થયેલ આ કંપનીનો શેર બે વર્ષ રાખવાની ગણતરીએ ખૂબ સુંદર વળતર પુરુ પાડશે. નાની માત્રામાં લેવાય.

### સુધારો

**ધી ઈકોનોમિક રેવલ્યૂશનના આ અગાઉના અંકમાં એટલે કે તા. ૯.૩.૨૦૧૦ થી ૧૫.૩.૨૦૧૦ ના અંકમાં અંક નં. ૧૧ ને બદલે ભૂલથી અંક નં. ૧૦ છપાઈ ગયેલ હતું તો તે સુધારીને અંક નં. ૧૧ વાંચવા વિનંતિ છે.**

### ખટ્ટા-મીઠા સટ્ટા



- નિશેષ જાની (મો) ૦૯૩૭૬૮૫૮૨૮૪, ૦૯૩૭૭૦૦૮૭૦૮

**નમસ્કાર મિત્રો,**

**વિતેલા સપ્તાહમાં બજારોમાં બજેટની ત્રણ દિવસની સતત રેલી બાદ થોડાક થાક ખાતા જોવા મળ્યા હતા અને એફઆઈઆઈની અંદર ખાને લેવાલી થઈ રહી છે પરંતુ એફઆઆઈઆઈ વાળા કોલ પુટ ઓપ્શનમાં વેચાણ કરીને હેજીંગ કરી રહ્યા છે તેવું અંદરના સુત્રોનું જણાવવું છે. ખેર આગામી સપ્તાહે આપણે નીચેના મુમેન્ટમ શેરોમાં ધ્યાન રાખી શકાય**

**બલરામપુર ચીની :-** ખાંડ કંપનીઓમાં મંદી શરુ થઈ ગઈ છે. અને હવે તો મંદી એટલે કે એવું કે સટોડીયાઓને જો ભાવ ઘટાડવામાં ફાયદો થાય અને ઈન્વેસ્ટરો તો ભરાઈ જ જાય. જો કે એક રીલીફ રેલી આવવાની શક્યતા છે. જેમાં બલરામપુર ચિનીના શેરમાં ૯૭ ઉપર લેણ કરીને ૯૨નો સ્ટોપલોસ રાખીને ૧૦૩-૧૦૫-૧૦૭નો ટાર્ગેટ રાખવો.

**હિન્દ યુનિલીવર :-** આ શેરમાં રોકાણકારોના વેચાણના કારણે ૩૦૦ રૂા.ના ભાવથી ઘટાડો નોંધાયો છે. ૨૨૭ ઉપર ૨૧૮નો સ્ટોપલોસ રાખીને ૨૩૪ નો ટાર્ગેટ રાખવો.

**રિલાયન્સ ઈન્ડ. :-** વિદેશની લિઓન્ડેલ બેઝલ નામની રિફાઈનરી કંપનીના ટેક ઓવર માટે વધારે ભાવ બોલાવાના કારણે અને અમુક રોકાણકારોને આ ટેકઓવર પસંદ નથી પડ્યું. જો કે આગામી સપ્તાહ માટે ૧૦૫૫ ની ઉપર ૧૦૨૫ના સ્ટોપલોસ સાથે ૧૧૦૦ નો ટાર્ગેટ રાખીને લેણ કરવું.

**એલર્ટ :-** એમ એન્ડ એમ, અંબુજા સિમેન્ટ, એબીબી, શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ, લેન્કો ઈન્ફ્રા, અને થર્મેક્સમાં પ્રોફીટ બુકિંગની શક્યતા જણાય છે. માટે લેણ કરવું ટાળવું.

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

**બજાર ટોચની સપાટીએ મજબૂતાઈ કેળવી રહેલ છે**
- લાયન રોર

**નિફ્ટી ૫૧૫૦ ઉપર બ્રેક આઉટ આપવાનો પ્રયત્ન કરી રહી છે. ૫૧૫૦ નું લેવલ ધ્યાનમાં રાખો**

શરદ કોટક

# બજારના ધુરંધરો માટે ૧૭૮૦૦ અને ૫૩૦૦ પર ઈન્ડેકસે બંધ આપવુ જરૂરી છે

**(૧) ફંડામેન્ટલ સ્ટોક પીકસ**

**ટાટા મોટર**

ફુલ્લી પ્રાઈઝ નફો બુક કરો અથવા નવા ઈનવેસ્ટમેન્ટથી દૂર રહો. કંપની ભારતની સૌથી મોટી કોમર્શિયલ વાહન બનાવતી કંપની છે. ૨૦૦૪ માં સાઉથ કોરીયાની કંપની પાસેથી ટીવી ડીવીઝન ખરીદેલુ. ૨૦૦૮ માં કંપનીએ ફોર્ડ પાસેથી "લેન્ડ રોવર" અને "જગુઆર" બ્રાન્ડ ખરીદી ૨૦૦૯ માં તેણે દુનિયાની સસ્તી કાર "નેનો" લોંચ કરી.

૨૦૦૭ થી ૨૦૧૨ વચ્ચે કંપનીએ રૂા.૧૨૦ બિલીયનની કેપેસીટી એકસપાન્સ કરી નવી પ્રોડકટ લોંચ કરવી, પ્રોડકટને અપગ્રેડ કરવું, અને રીસર્ચ ડીપાર્ટમેન્ટ માટે ખર્ચ કરશે જે આંતરિક પૈસા અને દેવાના સાધન દ્વારા કરશે કંપની કોમર્શિયલ વાહનમાં મોટો હિસ્સો ધરાવે છે. ડીઝલ સેગ્મેન્ટમાં સારી એવી પકડ છે.ઉપરાંત બે લકઝરી કારની બ્રાન્ડ અને દુનિયાની સૌથી સસ્તી કારની બ્રાન્ડ ધરાવે છે.

કંપનીના ફંડામેન્ટલ જાણીએ તો મુડી દેવા રેશીઓ ૧.૧ : ૧ છે જે સારી નિશાની નથી. રીટર્ન ઓન નેટવર્ક ૯ % છે. જે અમારી દષ્ટિએ ઘણી ઓછી છે પ્રાઈઝ ટુ બુક વેલ્યુ રેશીઓ ૩ છે જે અમારા માટે સાઈકલીકલ નેચર ધરાવતી કંપનીઓ માટે વધારે છે. કંપનીએ ગયા વર્ષે રૂા.૭૦૦ કરોડનું વ્યાજ ભર્યુ છે જયારે કંપનીનો નફો માત્ર ૧૦૦૦ કરોડ છે. કોમર્શિયલ વાહનોની માંગ સાઈકલી નેચર પર નિર્ભર છે.જયારે કારની ડીમાંડ માથાદીઠ આવક પર નિર્ભર છે. માટે કંપનીની વેલ્યુ કેશ ફલો ઈન્ડીકેટરથી સારી રીતે માપી શકાય કેશ ફલો ઈન્ડીકેટર એટલે શેરધારકો વચ્ચે વહેંચી શકાય તેવી આવક ગયા વર્ષે કંપનીએ ૩ કવાટર્સમાં નુકસાન કર્યુ હોવાથી કેશફલો નેગેટીવ રહ્યો છે. ૨૦૦૮ થી કંપનીનો શેર ૧૨૫ થી ૨૦૧૦ ના ૮૪૫ સુધી ચાલ્યો છે જે બધી ઓટો કંપનીઓ કરતા વધારે રીટર્ન આપ્યુ છે અને હાલમાં ૨૦ ના પીઈ મલ્ટીપલ પર ચાલી રહ્યો છે જે અમારા મતે ઘણો ઉંચો છે. ઘણા બધા દલીલો કરશે કે કંપનીને ટ્રક બિઝનેસ, ડીઝલ કાર બિઝનેસ,લકઝરી કાર બિઝનેસ અને નાની કાર બિઝનેસમાં ઘણી બધી તકો રહેલી છે તો કયા કારણથી કંપનીના શેરમાંથી નફો બુક કરી લેવો જોઈએ. કંપનીના બેલેન્સ શીટમાં મોટા પાયે દેવુ છે અને વધારાના રૂપિયાની જરૂર છે જે ખરાબ બાબત છે ઉપરાંત જો કંપનીના ઉત્પાદનોની માંગમા ઘટાડો આવે અથવા કાચા માલ સામાનના ભાવોમાં વધારો થાય તો કંપનીનું માર્જીન ઝડપથી ઘટશે અને કંપનીનું પરિણામ

**પેનિક એન્ડ પ્રોફીટ**



**નિશેષ એમ. જાની**
**મો.**
**૯૩૭૬૮૫૮૨૮૪**
**૯૩ ૭૭૦૦૮૭૦૮**

ખરાબ આવશે. હંમેશા સારો ઈન્વેસ્ટમેન્ટ મંત્ર યાદ રાખો જયારે માર્જીન ઓફ સેફટી ઓછી હોય અને અન્ય જગ્યાએ વધારે ઉત્તમ તક હોય ત્યારે ઉચા ભાવના ઈન્વેસ્ટમેન્ટમાંથી નિકળી જવું અને સસ્તા ભાવના ઈન્વેસ્ટમેન્ટ તરફ વળવું જેમ કે હાલમાં એફ.એમ.સી.જી. અને ટેલીકોમ ક્ષેત્ર સસ્તા વેલ્યુએશન પર ટ્રેડ કરી રહ્યા છે.

**(૨) મ્યુચ્યુઅલફંડ**

બિરલા સન લાઈફ ટેકસ રીલીફ - ૯૬ ઈન્વેસ્ટમેન્ટ કરવા લાયક આ ફંડે કાયમ યુનિટ હોલ્ડરને ઉત્તમ વળતર આપ્યુ છે આ ફંડ દરેક જણ માટે ટેકસ પ્લાનીંગમાં રાખી શકાય તેવું ફંડ છે

**(૩) સાપ્તાહિક માર્કેટ વ્યૂ**

સપોર્ટ - ૫૦૫૦ / ૪૯૮૫ / ૪૯૩૫

રેજીસ્ટન્સ - ૫૧૯૦ / ૫૩૦૫ / ૫૩૫૦

ગયા વીકમાં નિફટી માટે ૭૬ પોઈન્ટની રેન્જમાં ટ્રેડ કરી રહી હતી ગયા વખતે આપણે ૫૧૫૦ નો સ્ટોપલોસ આપેલ પરંતુ નિફટી ક્યારેય ૫૧૫૦ પર બંધ ન રહી. જો નિફટી ફયુચર ૫૧૯૦ પર સતત બે દિવસ બંધ આવે તો ૫૩૦૦ સુધી જઈ શકે છે અમે મેઘા ઈન્વેસ્ટમેન્ટમાં હામેશા માર્કેટની રુખ બતાવવાનો પ્રયત્ન કરીએ છીએ અમે નીચે મુજબ જુની જુની ચાર થિયરી પરથી નિફટીનુ એનાલીસ્ટ આપેલ છે

**(૧) હેડ એન્ડ સોલ્ડર પેટર્ન**

આ પેટર્ન મહત્વની ટ્રેન્ડ રિવર્સલ પેટર્ન છે લેફટ સોલ્ડરનો હાઈ ૫૧૬૮ છે અને બોટમ ૪૫૩૧ છે બોટમથી ૫૩૦૩ સુધીનો વધારો કે હેડને ટેપ છે જો હવે આપણે હેડને ૫૩૦૩ ક્રોસ ન કરીએ અને કરેકશન આવે તો રાઈટ સોલ્ડરની રચના થાય અને જો એમ બને તો ૮૦૦ પોઈન્ટની રિવર્સ પેટર્નની રચના થાય આ રચના નકકી કરવા માટે નીચે મુજબની બે વસ્તુ થવી જરૂરી છે નિફટીએ ૫૩૦૩ નો હાઈ કુદાવે તે જોઈએ અને ૪૬૦૦ ની નીચે જવુ પડે જો ઉપર મુજબના બને તો હેડ એન્ડ સોલ્ડર પેટર્ન સફળ થાય અને નિફટી ફયુચર ૩૯૦૦ સુધીના કરેકશન આવશે.

(૨) ગેન વીલ જો સામે ડબલ્યુ ડી ગેન થિયરીનો ઉપયોગ કરતાં હોય તો ૫૧૫૦ આજુબાજુ નિફટીને વહેંચીને વેપાર કરવાની તક છે જેનો સ્ટોપલોસ ૫૩૦૩ અને ટાર્ગેટ ૪૭૫૦ આવે.

(૩) વોલેટાલીટી ઈન્ડેક્ષ આ ઈન્ડેકસ ને રોકાણકારે અને ટ્રેડરે બહુ જ ઓછો ઉપયોગ કરવામાં અવે છે જે સ્પષ્ટ શબ્દોમાં કહીએ છીએ. ઈન્ડેકસ આવનાર ૩૦ દિવસમાં કયા ઈન્ડેકસમાં કેટલી વોલેટાલીટી રહેશે તે બતાવે છે ઉપરાંત આ ઈન્ડેકસ ભય પણ બતાવે છે જયારે આ ઈન્ડેકસ નીચે ચાલતો હોય ત્યારે એવુ સમજવું કે બધા જ લોકો તેજીની તરફેણમાં છે અને કોઈ પણ લોકો પુટની ખરીદી કરતા નથી જયારે આ ઈન્ડેકસ ઉપર ચાલતો હોય ત્યારે એવુ સમજવું કે બધા જ લોકો મંદીની તરફેણમાં છે અને કોઈ પણ ખરીદી કરતા નથી ટ્રેડર અને રોકાણકારે આનો ફાયદો ઉઠવી શકે અને માર્કેટની વિરુદ્ધ દિશામાં પોઝીશન લઈ શકે. આપણાં દેશમાં ઈન્ડેકસ તેની શરૂઆત પછી સૌથી નીચા ભાવ પર ચાલી રહ્યો છે.

(૪) ટાઈમ સીરીઝ ૧૯૮૦ થી લઈને આજદિન સુધીનો ઈતિહાસ છે ત્રણ વર્ષ પહેલા કવાર્ટરમાં ઈન્ડેકસ તેની ચાલ બદલી નાખે છે જો આપણે માની લઈએ કે સેન્સેકસ અને નિફટીએ ૧૭૭૯૦ અને ૫૩૦૩ નો હાઈ બનાવી નાખેલ છે તે આ ઉછાળા વધુ નહી ટકે

**સારાંશ**

જોખમ ધરાવતા ટ્રેડરોએ ૫૧૯૦નો સ્ટોપલોસ રાખી નિફટીનું વેચાણ કરી શકાય પરંતુ આ સ્ટોપલોસ ત્યારે જ ટ્રીગર થયેલો ગણાશે જે નિફટી ફયુચર સતત બે દિવસ સુધી ૫૧૯૦ પર બંધ આવે.

**આવતા અઠવાડીયાના મહત્ત્વના સમાચાર**

સોમવારે એડવાન્સ ટેકસ ફીગર અને મંથલી ઈન્ડેકસના ડેટા જાહેર થશે.

# ઔદ્યોગિક ઉત્પાદન વધતા બેઝ મેટલ અને એનર્જીમાં ઘટાડે લેવાલીનો સપોર્ટ

ગયા સપ્તાહમં સોનામાં ઘટાડા તરફી વલણ જોવા મળ્યું. આંતરરાષ્ટ્રીય સોનામાં હેજ ફંડોની વેચવાલીના પગલે ઘટાડો જોવ મળ્યો. સોનામાં બંને તરફી વધઘટ છે. ક્રૂડમાં વધારો જોવા મળ્યો. ચાંદીમાં સોનાના પ્રમાણમાં સ્થિરતા જોવા મળી. યુરોપિયન અને ભારતીય ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા વધતા બેઝ મેટલમાં ટેકો હતો. કોપરમાં ઘટાડો રેકોવેર થઈ ગયો. સાથે ડોલરની નબળાઈનો પણ સપોર્ટ જોવા મળ્યો છે. લંડન મેટલ એક્ષચેન્જમાં વેર હાઉસમાં સ્ટોક ઘટી રહયોછે. શાંઘાઈ પર નજર છે. ડોલરની અસર પણ મહત્ત્વની બની રહેશે.

**એનર્જી :**

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં ૮૩.૧૦ ડોલર પર ટૂંકાગાળાનું રેસિસ્ટન્સ લેવલ છે. તેની ઉપર જતાં નવી ૮૭ ડોલરની રેન્જ ખૂલે. ઉપરના લેવલ પરથી નફારુપી લેવાલી જોવા મળે. નીચેમાં ૮૦ થી ૭૮.૫૦ ડોલર ટેસ્ટ કરે. નીચેમાં ૭૬ ડોલર પર સપોર્ટ લેવલ છે. ટૂંકાગાળાની ૭૬ ડોલરથી ૮૩ ડોલરની રેન્જ છે. એમસીએક્સ ક્રૂડમાં ૩૭૮૩નું રેસીસ્ટન્સ લેવલ છે. વધુ તેજી માટે તેની ઉપર બંધ આપવું પડે તો ૩૮૪૦ થી ૩૮૮૦ના લેવલ માટે ધ્યાન અપાય. સપ્તાહની શરુઆતમાં ઘટાડા તરફી વલણમાં ૩૬૬૦નું લેવલ ધ્યાનમાં લેવું. નીચેમાં સપોર્ટ ૩૬૦૦ પર છે. ટૂંકાગાળામાં ૩૬૦૦ થી ૩૮૦૦ની કટપીસ રેન્જ છે.

**બેઝ મેટલ :** કોપરમાં ચોપી ૩૩૩ થી ૩૪૮ ચોપી રેન્જ છે. ઉપરમાં ૩૪૨ થી ૩૪૫ પર નજર રખાય. નીચેમાં પ્રથમ સપોર્ટ ૩૩૭ તેની ઉપર ૩૩૩

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**
**મો.**
**૯૫૩૭૨૦૧૯૭૭**

પર ધ્યાન ઘટાડે ૩૩૩ આસપાસ લેણ તરફી વલણમાં ૩૨૯નો ટેકો ઉપરમાં ૩૪૫ થી ૩૪૭ આસપાસ વેચાણ તરફી વલણ માટે ધ્યાન જયાં ૩૫૩ની પ્રતિકારક સપાટી પર સ્ટોપલોસ જણાય. નિકલમાં ઘટ્યા ભાવથી ઉછાળો છે. ઉપરમાં ૧૦૦૮ ની પ્રતિકારક સપાટી છે. જયાંથી નીચેમાં ૯૯૦ થી ૯૭૨નું લેવલ જોવા મળે. નીચેમાં ૯૬૭ નો સપોર્ટ તૂટતાં ઘટાડા તરફી વલણ જારી રહે.તેજીમાં તે ૧૦૦૮ ની ઉપર બંધ આપતા ૧૦૨૪ તરફ નજર કરાય. ઝીંકમાં ૧૦૪ થી ૧૦૮ ની ટ્રેડીંગ રેન્જ છે. વધઘટે સપોર્ટ ૧૦૨ પર છે.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૧૦૦ ડોલર નીચે ૧૦૯૨ ડોલરનો સપોર્ટ છે. જે તૂટે તો ઘટાડો જોવા મળે. જયાં નીચે ૧૦૬૦ ડોલર સુધીનું લેવલ ધ્યાનમાં લેવાય. ઉપરમાં ૧૧૨૦ ડોલરની ઉપર જતાં ૧૧૨૭ થી ૧૧૩૫ ડોલર દેખાડે. રેન્જ મોટી છે ૧૦૬૦ ડોલરથી ૧૧૪૦ ડોલરની મોટી રેન્જમાં ફરતું જોવા મળે. મોટી તેજી મંદી માટે બંનેમાંથી એકબાજુ વોલ્યુમ સાથે બ્રે ક આઉટ આપવું પડે. તો જ મધ્યમગાળા માટેની રુખ ક્લીયર થાય. એમસીએક્સ સોનામાં નીચેમાં ૧૬૨૮૦ થી ઘટતા ૧૫૯૮૦ પર સપોર્ટ લેવલ છે. ઉપરમાં ૧૬૬૬૦ની ઉપર જાય તો ૧૬૭૮૦ થી ૧૬૯૦૦ નું લેવલ તરફ ધ્યાન અપાય.

**ચાંદીની ચાલ :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ૧૭ ડોલરથી નીચે ૧૬.૮૦ ડોલર જોવા મળે. નીચેમાં ૧૬.૫૦ ડોલર પર સપોર્ટ છે. ઉપરમાં ૧૭.૬૦ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. એક રેન્જ બાઉન્ડ ટ્રેડીંગ રેન્જ છે. એમસીએક્સમાં ૨૬૨૦૦ નું લેવલ વોચ કરાય. જેની નીચેમાં ૨૫૫૦૦ પર સપોર્ટ છે. ઉપરમાં ૨૭૦૬૦ની પ્રતિકારક સપાટી છે. તેની ઉપર જતા ૨૭૩૦૦ જોવા મળે. ૨૫૫૦૦ થી ૨૭૫૦૦ની મોટી રેન્જમાં અથડાય

# ચેતવણીનો સૂર : આ સપ્તાહે ઓછા જથ્થામાં જ વ્યાપાર કરો

**નિફટી તરફનો દ્રષ્ટિકોણ**

નિફટી તેની ઉંચી સપાટી ૫૧૫૦ થી ૫૧૭૦ પ્રતિકારક સપાટી ધરાવે છે. જો નિફટી આ સપાટી સફળતાપૂર્વક પસાર કરી શકે તો પછી ટૂંક સમયમાં જ પછીની પ્રતિકારક સપાટી ૫૨૨૦ અને ૫૨૮૦ થી ૫૩૦૦ સુધી પહોંચી શકે. જો આ સપ્તાહે નિફટી ૫૨૨૦ની સપાટી પસાર કરવામાં મુશ્કેલી અનુભવે તો પ્રોફીટ બુકીંગ / શોર્ટ સેલીંગ જોવા મળે જે નિફટીને ટૂંકા ગાળામાં ૫૦૨૦, ૪૮૩૦ સુધી દોરી જઈ શકે. ભારે મૂલ્ય ધરાવતા શેરો જેવા કે રિલાયન્સ, એસ બી આઈ એન અને આઈ સી આઈ સી આઈ બેંક હકારાત્મકતા દર્શાવી રહેલ છે પરંતુ હાલમાં તે મહત્વની પ્રતિકારક સપાટી આસપાસ પ્રવર્તમાન છે. ધાતુના શેર થાકેલા લાગે છે અને તેથી આવનાર દિવસોમાં આ શેરમાં કેટલીક વેચવાલી જોવા મળી શકે. જેના કારણે ઈન્ડેક્ષ ઉપર પણ દબાણ આવી શકે. ટૂંકા ગાળા માટે ઈન્ડેક્ષ એક ચૂસ્ત વિસ્તાર (રેન્જ) માં જ રહેતો હોઈ સ્ટોક સ્પેસિફિક પ્રવૃત્તિ અપેક્ષિત છે.

**ટૂંકા ગાળા માટે ધ્યાનમાં રાખવા જેવા શેર**

**ટાટા મોટર્સ :** આ ઓટો શેરે છેલ્લા ૩ થી ૪ સપ્તાહ થી સારી એવી વૃધ્ધિ દર્શાવેલ છે અને રોજીંદા ચાર્ટ પર થાકેલો જણાય છે. જો આ શેર એક વાર રોજીંદા બંધના ધોરણે ૭૬૩થી નીચેની સપાટી દર્શાવે તો ટૂંકા ગાળા માટે આ શેર નબળાઈ દર્શાવી શકે. જો ૭૬૩ની સપાટી તોડે અને આ નીચે આ શેર બંધ આપે તો પછી ટૂંકા ગાળા માટે નીચેની સપાટીનો લક્ષાંક ૭૪૦ થી ૭૨૦ રાખી શકાય. બીજી બાજુ, જો આ શેર તેની ટેકાની સપાટી ૭૬૨ થી ૭૬૩ જાળવી રાખી શકે તો પછી તે રિબાઉન્ડ થઈ ૭૯૪ની સપાટી દર્શાવી શકે કે જે તેના પછીની પ્રતિકારક સપાટી છે.

**કોટક બેંક:** આ શેર ટૂંકા ગાળામાં ૮૨૦ ની ટોચની સપાટી દર્શાવશે તેમ જણાઈ રહેલ છે. રોજીંદા બંધના ધોરણે રૂ. ૮૨૦ નો સ્ટોપલોસ રાખીને આ શેરને શોર્ટ સેલ કરી શકાય. શોર્ટ ટર્મ ટ્રેડર્સ આ શેરમાં ૭૭૫ ની સપાટી નીચે બીજો જથ્થો ઉમેરી શકે. આ શેરનો ટૂંકા ગાળાનો લક્ષાંક ૭૬૦ થી ૭૫૦ છે.

**સ્ટરલાઈટ :** આ શેરની ચાર્ટની રચના હકારાત્મક છે અને કોઈ પણ ઘટાડે, રોજીંદા બંધના ધોરણે રૂ. ૭૯૦નો સ્ટોપલોસ રાખી ખરીદી

**રાય અનિલ**



**અનિલરાય**
**મો.**
**૦૯૩૦૪૦૩૦૧૮૬,**
**૦૯૮૩૫૩૨૮૪૩૦**
Website: www.sharedhan.com
Mail: sharedhan@yahoo.co.in

શકાય. આ શેરનો ટૂંકા ગાળાનો લક્ષાંક ૮૫૦+

**વોલ્ટાસ :** આ શેરની ચાર્ટની રચના તેજીમય છે અને આ શેર ટૂંકા ગાળામાં જ ૨૦૦ ની સપાટી તરફ પ્રયાણ કરશે. વ્યાપારીઓને ભલામણ કે આ શેરમાં કોઈ પણ ઘટાડે ખરીદી કરી લાભ ઉઠાવો અને ટૂંકા ગાળામાં ૨૦૦ ના લક્ષાંકથી આ શેર તબક્કાવાર એકઠા કરો. ટૂંકા ગાળાની પ્રતિકારક સપાટી રૂ. ૧૭૩ છે જયારે ટેકો ૧૬૪ છે. ટૂંકા ગાળાના રોકાણકારોને વોલ્ટાસનો શેર રૂ. ૧૭૪ ઉપર ખરીદવા સલાહ છે. રોજીંદા બંધના ધોરણે રૂ. ૧૬૪ નીચે સ્ટોપલોસ રાખવો હીતાવહ.

**સેન્ચ્યુરી ટેક્ષટાઈલ્સ :** આ શેર તેજીમય બ્રેકઆઉટ આપ્યા પછી મજબૂતાઈ કેળવી રહેલ છે. હાલના ભાવે તેમ જ ઘટાડે, રૂ. ૫૫૦+ના લક્ષાંકથી ટૂંકા ગાળા માટે આ શેર ખરીદવા માટે ભલામણ છે. કોઈ પણ દિવસ મજબૂત ઉર્ધ્વગતિ માટે તૈયાર રહો. રોજીંદા બંધના ધોરણે રૂ. ૫૦૫ નીચે સ્ટોપલોસ રાખો.

**એટલાન્ટા :** ટૂંકા ગાળામાં આ શેર કોઈ પણ બાજુએ તિવ્ર ગતિ દર્શાવે તેવી શકયતા હોવાથી આ શેર પર ખાસ નજર રાખો. આ શેરની ટૂંકા ગાળાની પ્રતિકારક સપાટી ૨૧૧ થી ૨૧૩ છે. આ પ્રતિકારક સપાટી નજીક રૂ. ૨૪૦ થી ૨૫૦ ના લક્ષાંકથી ખરીદી કરવી સલાહભરી છે

**વિપ્રો :** આ શેર રૂ. ૭૧૫ ઉપર બ્રેકઆઉટની તૈયારી કરી રહેલ છે. રૂ. ૬૯૩નો સ્ટોપલોસ રાખી,ટૂંકા ગાળામાં રૂ. ૭૪૦ થી ૭૫૦ના લક્ષાંકથી રૂ. ૭૧૫ ઉપર ખરીદી સલાહભરી.

**ટાટા સ્ટીલ :** આ સ્ક્રીપનું ચાર્ટનું બંધારણ નબળું છે. ટૂંકા ગાળાનો ટેકો રૂ. ૬૦૨ થી ૬૦૩ની આસપાસ છે. રૂ. ૬૦૨ની સપાટી નીચે રૂ. ૫૮૫ થી ૫૬૫ ના લક્ષાંકથી ટૂંકા ગાળા માટે આ શેર વેચવો સલાહભર્યું છે.

# સોમવારથી બજારની રૂખ તદ્દન સ્ટોક સ્પેસિફીક જોવા મળશે એડવાન્સ ટેક્ષના આંકડા મૂખ્ય ભૂમિકા ભજવશે

એડવાન્સ ટેક્ષની છેલ્લી તારીખ ૧૫ મી માર્ચ હોય છે. એટલે સોમવાર અને ત્યાર બાદ જેમ જેમ એડવાન્સ ટેક્ષના આંકડા બહાર પડતા જશે તેમ તેમ સ્ટોક સ્પેસીફિક મુવમેન્ટ આ એડવાન્સ ટેક્ષના આંકડાઓની આ અગાઉના એડવાન્સ ટેક્ષના આંકડાઓ સાથે સરખામણી થશે. અને જે કંપનીઓએ વધારે એડવાન્સ ટેક્ષ ભરેલ હશે તેમનો નફો વધારે, એ સીધું સાદું ગણીત કામ કરતું થઈ જશે. માટે કોઈ પણ શેરમાં લોંગ કે શોર્ટ પોઝીશન લેતાં પહેલાં ટીવી ઉપર આવતા એડવાન્સ ટેક્ષના આંકડા જરૂરથી તપાસી લેશો.

નિફટી વિતેલા સપ્તાહ દરમ્યાન લગભગ ફલેટ રહેલ છે. અને સપ્તાહને અંતે. વોલ્યુમના ઘટાડા

**સીધી વાત**

**માલિની રાજા**

સાથે ૫૧૩૭ ઉપર બંધ આવી છે. હવે પછી એડવાન્સ ટેક્ષના આંકડા અગાઉના આંકડા કરતાં સારા હોય અને નિફટી ૫૧૫૭ ઉપર સારા વોલ્યુમ સાથે સતત ટકી રહે તો ૫૧૦૧ ના સ્ટોપલોસથી ૫૨૨૭ અને ૫૩૨૭ ના લક્ષાંક સાથે માર્ચ એક્ષપાયરીમાં નિફટીમાં લેણ કરી શકાય.

સ્ટીલ અને આયર્ન ઓર ક્ષેત્રે ટૂંક સમયમાં નબળાઈ જોવા મળશે. માટે દરેક ઉછાળે નફો બુક કરવાનું સલાહભર્યું રહેશે. ખાસ કરીને ટાટા સ્ટીલ, જે એસ ડબલ્યુ સ્ટીલ, સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, એન એમ ડી સી અને સેસા ગોવા જેવા સ્ટોકથી દુર રહો.

પેન્ટાલુન, બોમ્બેડાઈંગ, બીઆરએફએલ અને ટોરેન્ટ ફાર્મામાં નવી તેજી પડી શકે. માટે આ શેરને ધ્યાનમાં રાખો.

# એડવાન્સ ટેક્સના આંકડા ઊંચા આવે તેવી શક્યતા

નિષ્ણાંતોના મત અનુસાર બજારની આગામી ચાલ આગામી એડવાન્સ ટેક્સના આંકડાઓ નક્કી કરે તેવી સંભાવના છે. એડવાન્સ ટેક્સના આંકાડઓ જાન્યુઆરીથી માર્ચ માસ દરમ્યાન ૧૫ થી ૨૦ ટકાનો વધારો થાય તેવી શક્યતા છે. હાલમાં ભારતીય અર્થતંત્ર પરથી કટોકટી દૂર થયેલ છે ત્યારે કોર્પોરેટ સારા દેખાવને કારણે એડવાન્સ ટેક્સના આંકડા ઊંચા આવે તેવી શક્યતા છે. એડવાન્સ ટેક્સ ભરવાની છેલ્લી તારીખ ૧૫ માર્ચ છે. કેટલીક કંપનીઓ એડવાન્સ ટેક્સ ભરે છે તેમાં આ આંકડાઓ ઊંચા જોવા મળે છે.

જાણવા મળ્યા મુજબ એડવાન્સ ટેક્સના આંકડાઓમાં ઓટોમોબાઈલ અને ફાર્મા સેક્ટ સૌથી ટોચ પર રહે તેવી શક્યતા છે. બેંક,

ખાસ કરીને પબ્લિક સેક્ટર અને વિદેશી બેંક અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓના આંકડા પણ સારા આવે તેવી શક્યતા છે.

# બજાર સ્ક્રીપ વાઈઝ હકારાત્મક રહેશે

**ટેકનીકલ ટ્રેન્ડ**



**સંજય લાડ**
**મો.**
**૯૮૨૦૯૨૦૫૩૦**
WEBSITE :
www.stockacademy.co.in

**૧૨ માર્ચ, ૨૦૧૦ શુક્રવાર**

**નિફટી તરફનો દ્રષ્ટિકોણ :**

નિફટીનો ટેકો ૫૧૧૦ અને ૫૦૦૦ છે બજાર સ્ક્રીપ વાઈઝ હકારાત્મક રહેશે અને નિફટી રેન્જબાઉન્ડ રહેશે. જો નિફટી ૫૧૧૦નો ટેકો તોડી નાખે તો તે ૫૦૦૦ ની સપાટી નજીક પહોંચી થાય પરંતુ ગતિ ધીમી રહેશે.

**પોઝીશનલ ખરીદ કરવા જેવા કેટલાક શેર**

| NAME | BUYING PRICE | STOP LOSS | TGT |
|---|---|---|---|
| ABAN | 1230 | 1200 | |
| 1300…1350 | | | |
| APIL | 570 | 555 | 600 |
| BHARTI | 300 | 290 | 320 |
| CAIRN | 270 | 265 | 285 |
| EDUCOM | 720 | 700 | 760 |
| FEDRAL BK | 260 | 250 | 280 |
| HDFC BK | 1750 | 1725 | 1800 |
| HOU DEV FIN | 2640 | 2600 | 2700 |
| IDFC | 162 | 158 | 170 |
| LT | 1550 | 1525 | 1600 |
| SINTEX | 260 | 250 | 280 |

# બજાર ટોચની સપાટીએ મજબૂતાઈ કેળવી રહેલ છે

**તા. ૧૩/૦૩/૨૦૧૦**

**અર્થવ્યવસ્થા મજબૂત વૃદ્ધિપથ પર**

જાન્યુઆરી ૨૦૧૦ના માસના મજબૂત આઈ આઈ પી આંકડા બજારને ઉત્સાહિત કરવામાં નિષ્ફળ નિવડયા. જાન્યુઆરી માસનો ઔદ્યોગિક વિકાસ દર પણ ગત વર્ષના ૧ ટકાની સામે ૧૬.૭ ટકા આવ્યો. જો કે આ જાન્યુઆરીના મજબૂત આંકડા ડીસેમ્બરના ૧૬.૬ના વિકાસના આંકડા કરતાં નીચી સપાટીએ છે.આ રીતે મહિને અને મહિને વધુ મજબૂત આંકડા એ બાબતની જોરશોરથી ઘોષણા કરી રહેલ છે કે આપણું અર્થતંત્ર હવે વિકાસના માર્ગે આગળ ગતિ કરી રહેલ છે. જો આપણે છેલ્લા નવ માસના આઈ આઈ પી નંબરની સરખામણી કરીએ તો,એટલે કે એપ્રિલ ૨૦૦૯ થી જાન્યુઆરી ૨૦૧૦ સુધીના આઈ આઈ પી આંકડા, ઔદ્યોગિક વિકાસ દર ગત વર્ષના ૩.૩ ટકાના વિકાસ દર સામે ૯.૬ ટકા વિકાસ દર એટલે કે લગભગ ત્રણગણો વીકાસ દર દર્શાવે છે. એવી પુરી શકયતાઓ જણાય છે કે જી ડી પી દર ઉપર તરફ રિવાઈઝ કરવામાં આવશે. કોઈ પણ વ્યક્તિ અનુમાન કરી શકે છે સરકાર દ્વારા અર્થતંત્રને મજબૂત બનાવવા માટે જે પગલાં લેવામાં આવેલ હતાં તેણે હવે ફળ આપવાનાં શરૂ કરી દીધેલ છે.

**હવે બધાની નજર આરબીઆઈ તરફ**

વધતા જતા ફૂગાવા વચ્ચે પણ આવા ઉચ્ચતમ વિકાસને કારણે ફરી એક વાર દ્રષ્ટિબિંદુ આર બી આઈ તરફ કેન્દ્રિત થઈ રહેલ છે અને હજુ ફૂગાવામાં વધારો થવાની ચિંતા વધી રહેલ છે. હાલમાં આરબીઆઈની ભૂમિકા અર્થતંત્રની વસુલાત કરવાને બદલે અર્થતંત્રનો વિકાસ કરવા તરફ બદલાઈ રહેલ છે. ડીસેમ્બર અને જાન્યુઆરીના મજબૂત વિકાસના આંકડાઓને કારણે બધાની નજર હવે આરબીઆઈ તરફથી એપ્રિલ માસ અંતે મળનાર મીટીંગ તરફ મંડાઈ રહેલ છે. હવે જો આરબીઆઈને વ્યાજદર અથવા તો સી આર આર વધારવા માટે પગલાં લેવાં પડે તો તે માટે કોઈ આશ્ચર્ય નહીં થાય. તે આરબીઆઈ માટે રસપ્રદ અને પડકારજનક પરિસ્થિતિથી બીજું કંઈ નહીં હોય.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૭૦૩૪ પોઈન્ટથી થઈ, આ પછી સેન્સેક્ષે ૧૭૨૪૪ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૭૦૨૭ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૭૧૬૬ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે માત્ર ૧૭૨ પોઈન્ટની વૃધ્ધિ સાથે સાપ્તાહિક બંધ આપ્યો.

**લાયન રો'ર**

**લાયન**

roar_lion@yahoo.com

આ જ રીતે નિફ્ટીએ પણ શરૂઆત ૫૦૯૨ પોઈન્ટથી કરી, ૫૧૫૮ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૦૯૨ની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૧૩૭ ઉપર બંધ આપ્યો. નિફ્ટીએ સાપ્તાહિક ધોરણે ૪૯ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો.

બંને ઈન્ડેક્ષોએ સાપ્તાહિક ચાર્ટ પર નાની વ્હાઈટ બોડીની રચના કરેલ છે જે સામાન્ય રીતે તટસ્થ રચના ગણાય છે. શુક્રવારના રોજીંદા ચાર્ટ પર પણ સેન્સેક્ષએ ડોઝીની રચના કરેલ છે, જયારે નિફ્ટીએ ન્યુટ્રલ (તટસ્થ) રચના કરેલ છે અને તેથી હવે ઈન્ડેક્ષની તત્કાલીન ગતિ આવનાર સપ્તાહમાં રચાનાર કેન્ડલ ફોર્મેશન પર આધારીત રહેશે.

ગતિસૂચકો જેવાં કે આર એસ આઈ અને આર ઓ સી હાલમાં ખરીદીના સંકેત દર્શાવી રહેલ છે જયારે એમ એ સી ડી પણ ખરીદીના સંકેત દર્શાવી રહેલ હતી અને હવે હકારાત્મક ક્ષેત્રમાં પ્રવેશી રહેલ છે. ટ્રીકસ અને ઓ બીવી પણ ખરીદીના સંકેત આપી રહેલ છે.

જે રીતે સેન્સેક્ષ અને નિફ્ટી તેની ૫૦ દિવસની મુવીંગ એવરેજ અને ૧૦૦ દિવસની મુવીંગ એવરેજ ઉપર બિરાજી રહેલ છે તે જોતાં જણાય છે કે બજારની ટૂંકા થી મધ્યમ ગાળાની રૂખ તેજીમય છે. સેન્સેક્ષમાં ૫૦ ડી એમ એ ૧૬૮૧૩ અને ૧૦૦ ડી એમ એ ૧૬૭૯૫ છે જયારે નિફ્ટીમાં ૫૦ ડી એમ એ ૫૦૧૩ અને ૧૦૦ ડી એમ એ ૫૦૨૦ છે જે જોગાનું જોગ છે અને બજાર હાલમાં સેન્સેક્ષમાં ૧૬૮૦૦ ઉપર અને નિફ્ટીમાં ૫૦૦૦ ઉપર ટેકો લેશે. બજાર જે રીતે ૨૦૦ દિવસની મુવીંગ એવરેજ (સેન્સેક્ષમાં ૧૬૦૮૪ અને નિફ્ટીમાં ૪૭૯૩) પર ટકી રહેલ છે તે જોતાં જણાય છે કે લાંબા ગાળાની ઉર્ધ્વગતિ હાલમાં સાબૂત રહેનાર જ છે.

બંન્ને ઈન્ડેક્ષોએ બુલીશ રિવર્સલ પેટર્નની રચના કરેલ છે કે જે પેટર્ન હેડ અને શોલ્ડર તરીકે ઓળખાય છે, પરિણામસ્વરૂપ સેન્સેક્ષનો હવે પછીનો લક્ષાંક ૧૭૩૧૯ અને નિફ્ટીનો હવે પછીનો લક્ષાંક ૫૧૮૯ છે.

નિફ્ટી ઓ આઈ પી સી આર ૧.૪૪ પર તેજીમય છે જે બજારનો મૂડ મજબૂત તેજીમયતાભર્યો દર્શાવે છે અને તેથી બજારમાં કોલ ૫૧૦૦ અને ૫૨૦૦ ના ભાવે કોલરાઈટીગ જોવા મળેલ છે, જે આગળ ઉપર પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરે તેવી શકયતાઓ છે.

નિફ્ટી ઓ આઈ પી સી આર ૧.૬૨ પર વિપુલ તેજીમયતા દર્શાવી રહેલ છે. જે બજારનો મૂડ મજબૂત તેજીમયતાભર્યો દશાવે છે અને તેથી બજારમાં કોલ ૫૨૦૦ ના ભાવે કોલરાઈટીગ જોવા મળેલ છે, જે આગળ ઉપર પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરે તેવી શકયતાઓ છે. નિફ્ટીમાં ૫૦૦૦ ના સ્ટ્રાઈક ભાવે મજબૂત પુટ રાઈટીંગ જોવા મળેલ છે જે ઘટાડા સમયે મજબુત ટેકો ઉપલબ્ધ કરાવશે.

આગામી સપ્તાહ માટે સેન્સેક્ષનો સપોર્ટ ૧૭૦૨૭-૧૬૮૨૦-૧૬૬૩૫ છે જયારે પ્રતિકારક સપાટી ૧૭૨૯૦-૧૭૪૯૩-૧૭૭૩૫ છે.

આગામી સપ્તાહ માટે નિફ્ટીનો સપોર્ટ ૫૦૯૨-૫૦૨૦-૪૯૪૩ છે જયારે પ્રતિકારક સપાટી ૫૧૮૧-૫૨૪૨-૫૨૯૮ છે.

**આગામી સપ્તાહ માટે ભલામણ**

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|
| Buy Grasim | 2890 | 2853 | 2949 | 3029 |
| Buy CrewBOS | 83 | 79 | 90 | 97 |
| Buy ChennaiPetro | 254 | 248 | 262 | 269 |
| Buy Shree Cem | 2279 | 2247 | 2323 | 2377 |
| Buy IDFC | 166 | 163 | 172 | 178 |

**સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી**

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4943 | 5020 | 5092 | 5137 | 5181 | 5242 | 5298 |
| Sensex | 16635 | 16820 | 17027 | 17166 | 17290 | 17493 | 17735 |

**ગત સપ્તાહની ભલામણો પર એક નજર**

| STOCK | RECO. PRICE | TGT | REACHED | LOT SIZE | PROFIT |
|---|---|---|---|---|---|
| BUY HEROHONDA | 1870 | 1918 | 1954 | 200 | Rs.16,800 |
| BUY MUNDRA | 716 | 743 | 736 | 300 | Rs.6,000 |
| BUY AUROPH | 976 | 997 | 990 | 700 | Rs.9,800 |
| BUY BEL | 2057 | 2108 | 2125 | 276 | Rs.18,768 |
| BUY OFSS | 2314 | 2368 | 2350 | 300 | Rs.10,800 |
| | | | | TOTAL | Rs.62,168 |

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**







# જયોતિષની દ્રષ્ટિએ ટેક્ષટાઈલ્સ સેક્ટર ખૂબ સારો દેખાવ કરશે

**તા. ૮મી માર્ચ થી ૧૨ મી માર્ચ ૨૦૧૦**

**ગ્રહોની સાપ્તાહિક સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમાં કુંભ, મીન અને મેષ રાશીમાં પરિભ્રમણ કરશે. નીચનો મંગળ કર્ક રાશીમાં પરિભ્રમણ કરશે. વક્રી શનિ કન્યા રાશીમાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, ગુરુ અને નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. જયારે સૂર્ય, બુધ, શુક્ર અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે.

**ગુરૂના ગ્રહે** ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૯ ના રોજ કુંભ રાશીમાં પ્રવેશ કરેલ છે. સામાન્ય રીતે આ ગ્રહ એક ગૃહમાં ૩૬૫ દિવસ માટે બિરાજતો હોય છે. હાલમાં તે ખૂબ જ તેજ ગતિમાં પરીભ્રમણ કરી રહેલ છે અને તેથી આ રાશીમાં માત્ર ૧૩૨ દિવસ જ રહેશે. તેનો અર્થ એ છે કે જે ક્ષેત્રનું પ્રતિનિધિત્વ ગુરૂનો ગ્રહ કરી રહેલ છે તે ક્ષેત્ર તેજ ગતિથી આગળ વધશે. વધુમાં વર્ષ ૨૦૧૦ - ૨ + ૦ + ૧ + ૦ = ૩ થાય છે. અને નં. ૩ ગુરુનું પ્રતિનિધિત્વ પણ કરે છે.

**ચેતવણી** મંગળનો ગ્રહ સામાન્ય રીતે એક ગૃહમાં ૪૫ દિવસ સુધી રહેતો હોય છે. હવે તે કર્કમાં ( કે જે એક નબળી રાશી છે)માં ૨૩૨ દિવસ રહેશે જે એક ખૂબ જ અસામાન્ય ઘટના છે. આ સમય દરમ્યાન તા. ૨૦ ડીસેમ્બર ૨૦૦૯ થી તા. ૧૦મી માર્ચ ૨૦૧૦ સુધી તે પીછેહઠની પરિસ્થિતિમાં રહેશે. મંગળનો ગ્રહ ખૂબ જ આક્રમક ગ્રહ ગણવામાં આવે છે અને કોઈ પણ કાર્ય માટે તે જવાબદાર હોય છે. અલગ અલગ જન્મકુંડળીમાં તે જે પોઝીશન રાખી રહેલ તે આધારે સારી અથવા તો નરસી અસરો દર્શાવી શકે તેથી આ ગ્રહદશાને ધ્યાનમાં રાખી પોતાની કુંડળીમાં આ ગ્રહના સ્થાન મુજબ ખાસ સાવધાની રાખવી જરુરી છે.

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**

મો.

૦૯૮૧૧૭૩૮૩૬૬

૦૯૮૧૦૦૧૮૪૩૮

http://www.astrostocktips.in

E-mail : astrostocktips@rediffmail.com

**આવનાર બે સપ્તાહ દરમ્યાન ટેક્ષટાઈલ્સ ક્ષેત્રના શેર મજબૂત એસ્ટ્રો સપોર્ટ મેળવશે.**

**સેન્ચ્યુરી, બી આર એફ એલ, બોમ્બે ડાઈંગ અને એસ કુમાર વગેરેમાં ઘટાડે લાંબી પોઝીશન લો.**

**નીચે જણાવેલ ક્ષેત્ર મજબૂત એસ્ટ્રો સપોર્ટ મેળવશે તેથી ઘટાડે આ સેકટના શેર ખરીદો**

**ટેક્ષટાઈલ્સ : સેન્ચ્યુરી, બી આર એફ એલ, બોમ્બે ડાઈંગ વગેરે**

**બેંકીંગ અને નાણાકીય ક્ષેત્ર :**

**એચ ડી એફ સી, આઈ ડી એફ સી, એસ બી આઈ, આઈ સી આઈ સી આઈ વગેરે**

**નીચેની સપાટીએ ફોર્ટીસ હેલ્થકેર ખરીદો.**

**જે શેર એસ્ટ્રો સપોર્ટ મેળવેછે તે સામાન્યરીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

**નોંધ :** અમોએ જે તે સેકટર માટે આગાહી કરેલ છે છતાં એ જરૂરી નથી કે આ સેકટરના બધા જ શેર એક જ દિવસમાં સારો દેખાવ દર્શાવે.

ડે ટ્રેડીગમાં નાણાં મેળવવાં ખૂબ જ કઠીન છે, તેથી અમો પોજીશનલ ટ્રેડ માટે સલાહ આપીશું. પરંતુ જો કોઈ એક જ દિવસે નફો મેળવી શકે તો નફો બુક કરી લેવો જોઈએ.

## એસ્ટ્રોલોજી અને ઓટો સેકટર

બજેટના દિવસે ( ૨૬ મી ફેબ્રુઆરી ૨૦૧૦) ના રોજ ઓટો ઈન્ડેક્ષમાં સૌથી વધુ એટલે કે ૫.૩ ટકા વૃધ્ધિ જોવા મળી. પેટ્રોલિયમ પેદાશો પરની કસ્ટમ ડયુટી સાથે સાથે દરેક વાહનોની એક્ષાઈઝ ડયુટીમાં પણ વધારો કરવા છતાં આમ બનવા પામેલ હતું.

પછીના સપ્તાહે બેંકર્સ દ્વારા વ્યાજ દરમાં વૃધ્ધિ કરવા છતાં પણ આ ક્ષેત્રને કોઈ માઠી અસર થઈ નથી અને તેને વધવાનું ચાલુ જ રાખેલ હતું.

જયારે બધા જ ઓટો સેકટરની નકારાત્મક વાતો જ કરતા હતા ત્યારે આવું બનવા પાછળનું કારણ કોઈ બતાવી શકે તેમ છે ?

આ અંગે હું જણાવીશ કે આ ક્ષેત્ર હાલમાં ખૂબ જ સારો જયોતિષિય ટેકો મેળવી રહેલ છે અને તેથી ઓટો સેકટર ઉંચી સપાટી તરફ ધકેલાઈ રહેલ છે. આ બાબત અમોએ અમારી વેબસાઈટ પર તા. ૧૯મી જાન્યુઆરી, ૦૯ ના રોજ દર્શાવેલ તેમ જ અમારા તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૯ના ઝી બીઝનેસ પરના ઈન્ટર્વ્યુમાં પણ દર્શાવેલ હતી.

## સંવતના શેર ખાંડ કડવી બની

●. સ્ટોક ઓફ સંવત : દર વર્ષે (સંવત) કેટલાંક સેકટર જયોતિષિય ગ્રહોનો ખૂબ જ ઉમદા સહયોગ મેળવે છે અને આ સેકટરના શેર બીજા શેર કરતાં ખૂબ જ સારો દેખાવ કરતા હોય છે. અમારા ભૂતકાળના અનુભવ મુજબ, આવા સેકટરના શેરે અજોડ વળતર આપેલ છે અને ખરાબ સંજોગોમાં પણ તેમની ઉર્ધ્વગતિ જાળવી રાખેલ છે પછી ભલે તે તેજીમય અથવા તો મંદીમય બજાર હોય. ૨૦૬૬ની સાલમાં બીજા બધાં સેકટરોમાં સુગર પણ એક એવું સેકટર હતું કે જેનો અંત ૧૬મી માર્ચ ૨૦૧૦ના રોજ આવી રહેલ છે. અમે અમારી વેબસાઈટ www. Astrostocktips.in ઉપર તેમ જ વિવિધ ટીવી ચેનલના ઈન્ટર્વ્યુ વખતે પણ ઘણી વખત આગાહી કરીને આ શેરમાં રોકાણ કરવા માટે ભલામણ કરી હતી

● ધામપુર અને ધરણી સુગરનો શેર ૬૦૦ ટકા ઉપર ગયો. બજાજ હિન્દુસ્તાન ૪૮૭ ટકા ઉપર ગયો, શક્તી અને સીમ્ભોઅલી સુગર ૪૬૩ ટકા, ત્રીવેણી ૩૧૦ ટકા અને રેણૂકા, રાજશ્રી અને બલરામપુર ચીની ૨૨૬ થી ૨૪૪ ટકા ઉપર ગયો. ગત વર્ષે અનેક મુશ્કેલીઓ છતાં સુગરના શેરે ઉર્ધ્વગતિ દર્શાવી હતી.

●હવે, જયારે સંવત ૨૦૬૬, ૧૬મી માર્ચ ૨૦૧૦ ના રોજ પૂર્ણ થઈ રહેલ છે અને નવી સંવત ૨૦૬૭, ૧૦ મી માર્ચથી ખાંડ માટે બધાજ નકારાત્મક સમાચાર સાથે શરુ થનાર છે. પરિણામસ્વરૂપ આ ક્ષેત્રમાં રોકાણ માટે રોકાણકારો નકારાત્મક મંતવ્ય ધરાવતા થયેલ છે. ત્રણ ટ્રેડીંગ સેશન દરમ્યાન શીભોલી, ધામપુર, દ્વારીકેશ, રાજશ્રી, બલરામપુર, રેણૂકા, બજાજ હિન્દુસ્તાન ૨૩ થી ૧૧ ટકા નીચે આવ્યા.

● સેકટર્સ, કે જે આગામી સંવત ૨૦૬૭માં મજબૂત જયોતિષિય સહયોગ મેળવનાર છે અને ખુબ સારો દેખાવ કરનાર છે તે શેર પરથી સંવત શરુ થયા પછી પડદો હટાવવામાં આવશે. સતીષ ગુપ્તા, આર્થિક ભવિષ્યવેત્તા

# ઈન્ડિયન પ્રિમિયર લીગ" ની જોડે જોડે "નિફ્ટી પ્રિમિયર લીગ"ની પણ શરુઆત

વાંચક મિત્રો,

નિફ્ટી નમસ્કાર,

ગયા સપ્તાહમાં નિફ્ટી ભારે વોલેટાઈલ રહી હમણાં "૫૧૫૦" ઉપર ગઈએટલે ૫૨૨૦ અને ૫૦૯૫ નીચે ગઈ એટલે ૫૦૫૦-૫૦૨૦ પરંતુ નિફ્ટી બંને બાજુ સાચવી લીધું. કોઈને પણ કંઈ ચાન્સ ના આપ્યો. હવે શું લાગે છે. જાન્યુઆરી મહિનાની જેમ ફરી પાછી ટી-૨૦ રમવી પડશે. ૫૦૮૦-૫૧૮૦ ઘણીવાર ભાઈ કોઈ પૂછે કે નિપ્ટી શું લાગે છે પરંતુ હાલ પુરતું આપણો એ પ્રશ્ન જ ભૂલી જઈએ કારણ કે ૧૦૦ પોઈન્ટની રેન્જમાં ભાઈ નિફ્ટીમાં કશું નથી લાગતું.

**૫૦૮૫-૮૧૮૦ વચ્ચે ૨૦ પોઈન્ટથી વધારે પ્રોફીટ થવાનો નથી આ રેન્જની બહાર જ બજારને નવી દીશા મળશે**

એટલે એમ કહી શકાય કે "ઈન્ડિયન પ્રિમિયર લીગ" ની જોડે જોડે "નિફ્ટી પ્રિમિયર લીગ"ની પણ શરુઆત થઈ ગઈ છે. નિફ્ટીમાં ૫૦૮૫-૫૧૮૦ અંદર ટી-૨૦ જ રમો અને બહાર ખાવ કે સેલ ની પોઝીશન બનાવશે. બાકી અંદર તો કોઈ ક્લિયર ટ્રેન્ડ દેખાતો નથી. ત્યાં સુધી થોભો અને રાહ જૂઓ એમ કહી શકાય.

**આવનાર સપ્તાહ માટેના ટ્રેડીંગ લેવલ :**

**નિફ્ટી બંધ ભાવ (૫૧૩૭) :** ખરીદો ૫૧૮૦ ઉપર સ્ટોપલોસ ૫૧૩૫ ટાર્ગેટ ૫૨૨૦-૫૨૫૦. વેચો ૫૦૮૫ નીચે ટાર્ગેટ ૫૦૫૦-૫૦૨૦ સ્ટોપલોસ ૫૧૩૫ ઉપર.

**DHAN WIN- "WINNER'S CHOICE"**



**હિમાંશુ જાની**

મો.

૯૩૭૬૯૨૫૯૩૨

email: dhanwinvestnents@gmail.com

WWW.DHANWIN.COM

**બેંક નિફ્ટી (૯૧૭૨) :** વેચો ૯૧૩૫ નીચે સ્ટોપલોસ ૯૧૮૫ ઉપર ટાર્ગેટ ૯૦૯૫-૯૦૪૦-૯૦૦૦

**એબીબી (૮૭૦) :** વેચો ૮૭૦-૮૭૫ સ્ટોપલોસ ૮૮૩ ઉપર ટાર્ગેટ ૮૬૦-૮૫૨-૮૪૦. ખરીદો ૮૮૫ ઉપર સ્ટોપલોસ ૮૭૦ નીચે ટાર્ગેટ ૯૦૨-૯૨૦

**અલ્હાબાદ બેંક (૧૪૩) :** ખરીદો ૧૪૦-૧૪૨ સ્ટોપલોસ ૧૩૮ નીચે ટાર્ગેટ ૧૪૬-૧૫૦

**એલ્સ્ટ્રોમ પ્રોજેક્ટ (૫૮૪) :** વેચો ૫૭૭ નીચે સ્ટોપલોસ ૫૮૬ ઉપર ટાર્ગેટ ૫૭૦-૫૬૫-૫૬૦

**અરબિંદો ફાર્મા :** વેચો ૯૭૮-૯૮૩ સ્ટોપલોસ ૯૯૦ ઉપર ટાર્ગેટ ૯૭૦-૯૬૦-૯૫૨

**એક્સિસ બેંક :** વેચો ૧૧૪૦ નીચે સ્ટોપલોસ ૧૧૫૬ ઉપર ટાર્ગેટ ૧૧૨૬-૧૧૧૦-૯૯૫

**બેંક ઓફ બરોડા (૬૧૭) :** વેચો ૬૧૨ નીચે સ્ટોપલોસ ૬૨૫ ઉપર ટાર્ગેટ ૬૦૦-૫૯૩-૫૮૨

**એક બાજુ "ઈન્ડિયન પ્રિમિયર લીગ" અને બીજી બાજુ "નિફ્ટી પ્રિમિયર લીગ" ની શરૂઆત થઈ છે**

**આઈટીસી (૨૫૮) :** વેચો ૨૬૦-૨૬૩ સ્ટોપલોસ ૨૬૬ ઉપર ટાર્ગેટ ૨૫૫-૨૫૨

**કોટક બેંક (૭૭૬) :** ઘટાડે ખરીદો ૭૬૦-૭૬૫ સ્ટોપલોસ ૭૪૮ નીચે ટાર્ગેટ ૭૭૬-૭૮૫

**લ્યુપીન (૧૫૮૬) :** ખરીદો ૧૬૧૦ ઉપર સ્ટોપલોસ ૧૫૯૨ નીચે ટાર્ગેટ ૧૬૩૨-૧૬૪૮

**એમ એન્ડ એમ (૧૧૪૨) :** વેચો ૧૧૪૦-૧૧૫૦ સ્ટોપલોસ ૧૧૫૮ ઉપર ટાર્ગેટ ૧૧૨૦-૧૦૯૫

**એમ્ફેસીસ (૬૬૬) :** ખીરદો ૬૬૦-૬૬૬ સ્ટોપલોસ ૬૫૪ નીચે ટાર્ગેટ ૬૭૫-૬૮૪-૬૯૦

**રેનબક્ષી (૪૬૩) :** ખરીદો ૪૬૭ ઉપર સ્ટોપલોસ ૪૬૧ નીચે ટાર્ગેટ ૪૮૦-૪૯૫

**બુલેટ પાન નં. ૬ નું ચાલુ**

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ =** ૧૨૮૩૨.૫૦ -૬૧૯૫.૦૦ = ૬૬૩૭.૫૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૭૦ - ૧૬૫ = ૫ ★ ૨૯૫૦ = ૧૪૭૫૦ - ૬૬૩૭.૫૦ = ૮૧૧૨.૫૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૬૬૩૭.૫૦ રૂ. **બ્રેક ઈવન પોઈન્ટ :** = ૧૬૭.૨૫

**૨. આઈસીઆઈસીઆઈ બેંક (૯૩૫.૧૦) :** માર્ચ માસ ફયુચર લોટ સાઈઝ ૩૫૦ શેર

● રૂ. ૯૩૫.૧૦ ના ભાવથી માર્ચ માસ ફયુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન :** માર્ચ માસ સ્ટ્રાઈક ભાવ ૯૪૦ થી રૂ. ૧૭.૯૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૧૭.૯૦ ★૩૫૦ = ૬૨૬૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૯૪૦.૦૦ -૯૩૫.૦૧= = ૪.૦૯★૩૫૦ = ૧૭૧૫.૦૦ + ૬૨૬૫.૦૦ = ૭૯૮૦.૦૦

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. પીએફસી** (૨૬૫.૨૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. ટાટા પાવર** (૧૩૫૨.૨૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**દરેક રોકાણકારને સાચી દિશા સૂચવતું : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

# બજારમાં અણધાર્યા તોફાન પહેલાંની ચીર શાંતિ

મિત્રો, જય સાંઈરામ,

બજેટ બાદ આવેલી અકાલ્પનિક તેજીનો થાક અને વૈશ્વિક બજારોની ખૂબ જ સાંકડી વધઘટના પરિણામે સપ્તાહના બધા જ દિવસે જોવા મળી હતી. સપ્તાહ દરમ્યાન ડેઈલી ટ્રેડરો બજારથી દૂર રહ્યા હોય તેવું ડેઈલી વોલ્યુમથી સ્પષ્ટ જોવા મળી શકતું હતું. સપ્તાહ દરમ્યાન એફઆઈઆઈ સતત લેવાલર રહી હતી જ્યારે ડીઆઈઆઈની વેચવાલીનો મારો સપ્તાહના અંત સુધી જોવા મળ્યો હતો. એફઆઈઆઈની સતત લેવાલી થકી બજારોમાં અંડરટોન અત્યાર સુધી હકારાત્મક ગણી શકાય પરંતુ એફઆઈઆઈ લેવાલી સામે ડીઆઈઆઈની સતત વેચવાલી બજારમાં નવું તોફાન સર્જી શકે છે. બીજી બાજુ ડેઈલી ટ્રેડરોનું બજારમાંથી અળગા રહેવું પણ ચિંતાનું કારણ બની શકે છે. ગત સપ્તાહે સેન્સેક્સ ૧૭૧૬૬.૬૨ અને નિફ્ટી ૫૧૩૭ ઉપર બંધ આપેલ છે. છેલ્લા જાન્યુઆરી માસ માટે ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૬.૭ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. જેમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સ એ નોંધપાત્ર દેખાવ કર્યો હતો. ઔદ્યોગિક વિકાસદરન ઈન્ડેક્સમાં ૮૦ ટકાથી વધુ હિસ્સો ધરાવતા વિવિધ ક્ષેત્રોનો વિકાસદર દર્શાવેલ કોઠા મુજબ છે.

| ક્ષેત્ર | વિકાસદર જાન્યુઆરી ૨૦૧૦ | વિકાસદર અગાઉના વર્ષ નો સમયગાળો |
|---|---|---|
| મેન્યુફેચરિંગ | ૧૭.૯ ટકા | ૧.૦૦ ટકા |
| કેપીટલ ગુડ્ઝ | ૫૬.૨ ટકા | ૧૫.૯ ટકા |
| કન્ઝ્યુમર ડ્યુરેબલ | ૩૧.૬ ટકા | ૨.૧ ટકા |
| ખનીજ | ૧૪.૬ ટકા | ૦.૭ ટકા |
| વિજ ઉત્પાદન | ૫.૬ ટકા | ૧.૮ ટકા |
| કન્ઝ્યુમર નોન ડ્યુરેબલ | -૩.૧ ટકા | ૪.૦૦ ટકા |

ફેબ્રુઆરી માસના અંતિમ સપ્તાહ દરમ્યાન ખાદ્ય પદાર્થો આધારિત ફુગાવો ઘટીને ૧૭.૮૧ ટકા નોંધાયો હતો.જે અગાઉના સપ્તાહથી ૦.૦૬ ટકાનો નજીવો ઘટાડો બતાવે છે. પ્રતિવર્ષ કઠોળની કિંમત પાછલા સપ્તાહના ૩૫ ટકાની સરખામણીએ સાધારણ ૩૩.૩૮ ટકા ઘટવથી ફુગાવામાં સામાન્ય ઘટાડો જોવા મળેલ છે. આગામી સમયગાળામાં એનએસઈ દ્વારા ડાઉજોન્સ ફ્યુચર અને એસએન્ડ પી ૫૦૦ના ફ્યુચર કોન્ટ્રાક્ટનું લિસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જેનું ટ્રેડીંગ શિકાગો પ્રાયમરી માર્કેટ ફુલગુલાબપી તેજી જોવા મળી રહી છે. ગત સપ્તાહે લીસ્ટેડ થયેલા આઈપીઓમાં રોકાણકારોને સારું વળતર મળેલ છે. જેમાં રોકિંગ મન ઈન્ફ્રા સ્ટ્રક્ચરે ૩૮ ટકાથી વધુ વળતર રોકાણકારોને આપેલ છે. મન ઈન્ફ્રાસ્ટ્રકચર નું ૨૫૨ની ઓફર પ્રાઈઝ સામે બીએસઈ ખાતે રૂા. ૩૩૫ન ભાવે લિસ્ટીંગ થયું હતું. જે વધુ ઉછાળો ૩૭૪ સુધીનો જબરદસ્ત ઉછાળલો નોંધાવ્યો હતો. છેલ્લે લિસ્ટીંગના દિવસે કંપનીનો શેર રૂા. ૩૪૮.૨૫ ઉપર ૩૮ ટકા પ્રિમિયમ સાથે બંધ રહ્યો હતો. છેલ્લા એક વર્ષ દરમ્યાન આવેલ આઈપીઓમાં સૌથી વધુ વળતર આપી મન ઈન્ફ્રાસ્ટ્રક્ચરે નંબર વન નું સ્થાન ધારણ કર્યું હતું જ્યો ટેક્સમો પાઈપ્સનું પણ શાનદાર લિસ્ટીંગ થયું હતું.

આગામી સમયગાળામાં બજારની નજર કંપનીઓના એડવાન્સ ટેક્ષ નંબર,

## રોકિંગ ટીપ્સ મેકર્સ



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

કંપનીઓના ત્રિમાસિક ગાળાના પરિણામો અને વૈશ્વિક બજારોની ચાલ ઉપર રહેસે. એડવાન્સ ટેક્સના આંકડા ભયજનક આવે તો નવાઈ નથી પરંતુ બજારની ખરી ચાલ કંપનીઓના ત્રિમાસિક ગાળાના પરિણામોથી જ નક્કી થશે જ્યાં સ્ટોકસ્પેશિફીક અણધાર્યા ઉછાળા જોવા મળશે. ટેકનીકલી જોતા બજારમાં જોતાં ટૂંકાગાળામાં બે, ત્રણ મોટા કરેક્શન બાદ બજાર પોતાની નવી દિશાની વાટ પકડી શકે છે. તેથી ટૂંકાગાળાના રોકાણકારોએ ખૂબ જ સાવચેતી રાખી વેપાર કરવો જ્યારે લાંબાગાળાના રોકાણકારોએ માત્ર વેલ્યુ બાય સ્ટોકમાં જ રોકાણ કરવું લાભદાયી બનશે.

આગામી સપ્તાહ માટે **સેન્સેક્સનો ટેકો ૧૬૮૯૮ અને અવરોધ ૧૭૪૫૮ છે જ્યારે નિફ્ટીનો ટેકો ૫૦૦૩ અને અવરોધ ૫૨૩૪** છે. આગામી સમયગાળામાં હોટેલ્સ બીઝનેસ સાથે સંકળાયેલ કંપનીઓના શેરમાં અણધારી તેજી જોવા મળી શકે છે. લાંબાગાળાના રોકાણકારોએ અત્યારે બજારમાં મર્યાદીત રોકાણ કરવું.

અમે આગામી સપ્તાહ માટે જે કોલ આપીએ છીએ તે અમારા પર્સનલ સોફ્ટવેર અને ચાર્ટની પેટર્ન નો અભ્યાસ કરીને જ આપીએ છીએ. અમારા માનવંતા ગ્રાહકો અમારા સતત સંપર્કમાં હોવાથી અમે તેમને નફો ક્યારે બુક કરવો તેની સલાહ સતત આપતા રહીએ છીએ. તો મિત્રો આપ પણ દરેક તબક્કે નફો ઘર ભેગો કરતા રહો. રોકાણકાર મિત્રોએ બજારની રુખ જોઈ નીચે મુજબ રોકાણ કરવું જ્યારે દરેક તબક્કે નફો ઘર ભેગો કરવો. પોતાની કેપેસિટી અને સ્ટોપલોસ રાખી વેપાર કરવો. આર્ટીકલ ધ્યાનથી વાંચી રોકાણ કરવું જ્યારે નિફ્ટીના સપોર્ટ અને અવરોધ જોઈ લેણ અને વેચાણ કરશો તો વધુ ફાયદો થશે.

**સેન્સેક્સ (૧૭૧૬૬.૬૨) :** ૧૭૨૫૪ ઉપર ૧૭૩૬૨, ૧૭૪૫૮, ૧૭૫૫૬ અને ૧૭૬૮૨ જ્યારે ૧૭૧૨૨ નીચે ૧૭૦૧૬, ૧૬૮૯૮, ૧૬૭૩૭ અને ૧૬૪૩૩ જોવા મળી શકે છે.

**નિફ્ટી (૫૧૩૭.૦૦) :** ૫૧૫૪ ઉપર ૫૧૮૨, ૫૨૦૮, ૫૨૩૪ અને ૫૨૬૦ જ્યારે ૫૧૧૧ નીચે ૫૦૬૫, ૫૦૩૯, ૫૦૦૩ અને ૪૯૫૨ જોવા મળી શકે છે.

**ફ્યુચરના ખેલાડીઓ માટે**

**એચડીઆઈએલ (૩૦૪.૨૫) :** ઉછાળે ૩૧૧ આસપાસ ૩૨૨ ના અવરોધ સાથે ૨૮૮ અને ૨૫૩ ના લક્ષાંકો માટે વેચાણ જાળવવું. ૨૮૮ તૂટતાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. જ્યાં ૨૫૩ નો ભાવ બતાવી શકે. સપ્તાહના અંતે સાયમેટ્રીક ટ્રાયેંગલ ઈન એ ન્યુ ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવેલ છે. સાપ્તાહિક ચાર્ટ ઉપર રિકટેંગલ ઈન એ ડાઉન ટ્રેન્ડ વિડ્થ નેગેટીવ કન્સોલીડેશન ઈન એડીસનલ ટુ વિડ્થ હાઈ વોલ્યુમની રચના બનાવેલ છે. જ્યારે માસિક ચાર્ટ ઉપર રાઈઝીંગ વિડ્થ ઈન એ ન્યુ ડાઉન ટ્રેન્ડની રચના બનાવેલ છે. ત્રિમાસિક ચાર્ટ ઉપર હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવર્સલ ઈન એ અપટ્રેન્ડની રચના બનાવેલ છે. રિયાલ્ટી ક્ષેત્રમાં અત્યારેકોઈપણ ઉછાળા ટકવા મુશ્કેલ લાગે છે. ટૂંકા અને લાંબા ગાળાના રોકાણકારોએ રિયાલ્ટી સેક્ટર્સથી દૂર રહેવું ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક તબક્કે નફો ઘર ભેગો કરવો.

**ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારો માટે**

**કન્ટ્રીકલબ (બીએસઈ કોડ ૫૨૬૫૫૦) (૧૭.૦૦) :** ઘટાડે ૧૬.૪૮ આસપાસ ખરીદો. લક્ષાંક ૨૪.૦૮ અને ૨૯.૧૭ જો ૨૪.૪૪ ઉપર બંધ આપે તો લક્ષાંક ૨૯.૧૭ સ્ટોપલોસ ૧૫.૨૧. કંપનીનો મુખ્ય વ્યવસાય રિસોર્ટ્સ અને હોટલ્સનો છે. કંપનીની સ્થાપના ૧૯૯૩માં શ્રી રાજીવ રેડ્ડી દ્વારા કરવામાં આવી હતી. છેલ્લે આ કંપનીએ રોયલ રિસોર્ટ સાથે સંધી કરી હતી. કંપનીનો મુખ્ય ધ્યેય દેશન મોટા શહેરોમાં પોતાના વ્યવસાયનો વ્યાપ વધારવનો છે. કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો સંતોષકારક માની શકાય જ્યારે નેટ પ્રોફીટમાં પણ સારો વધારો જોવા મળેલ છે. કંપનીના શેરનો બાવન વીક હાઈ ૩૨.૪૦ જ્યારે બાવન વીક લો ૮ રૂા. છે. ટૂંકાથી લાંબાગાળાનું રોકાણ કરી શકાય. ત્રિમાસિક પોર્ટફોલિયોમાં રાખી શકાય. આગામી સમયગાળામાં કંપનીના શેરમાં તોફાની ઉછાળો જોવા મળી શકે છે.

### ગત સપ્તાહની ભલામણોનું તોફાની પ્રદર્શન

| સ્ટોક | રિટર્ન | સમય | નોંધ |
|---|---|---|---|
| આઈડીએફસી (૧૬૩ થી૧૫૯.૫૦) | ૨.૧૪ ટકા ઉપર | માત્ર બે જ દિવસમાં | ફ્યુચરના ખેલાડીઓ ઉછાળે વેચાણ કરી શકે છે. ફરીથી આરએસઆઈ અને એમએસીડી વેચાણના જ સંકેતો આપી રહેલ છે. |
| મેક્સવેલ ઈન્ડ.(૨૧.૦૮ થી ૨૩) | ૯ ટકા ઉપર | માત્ર એક જ દિવસમાં | લાંબાગાળાન રોકાણકારોએ રોકાણ જાળવી રાખવું. છ માસિક પોર્ટફોલિયોમાં રાખી શકાય. |

# તેજીમય તોફાન પહેલાંની શાંતિ !!!

જ્યાં સુધી શેરની ગતિને સંબંધ છે ત્યાં સુધી ગત સપ્તાહ કંટાળા જનક નિવડયું. બજેટના ઉત્સાહ પછી, ઈન્ડેક્ષો ખૂબ જ સાંકડી રેન્જમાં મજબૂતાઈ કેળવી રહેલ છે. નિફ્ટીની ગતિ પણ ૫૦ પોઈન્ટની જેટલી જ રહેવા પામે છે. અને તે સાપ્તાહિક રેન્જના માત્ર ૧ ટકા જેટલી જ હોય છે. મહત્વની બાબત એ છે કે છેલ્લા ૪ થી ૫ સપ્તાહથી બજારો ટ્રેડીંગ રેન્જની ઉંચી સપાટીના અંતે મજબુતાઈ કેળવી રહેલ છે અને જોરદાર તેજીમયતા તરફ અંગુલીનિર્દેશ કરી રહેલ છે.

માર્ચ માસમાં વાર્ષિક અંતના કારણે સ્વદેશી નાણાકીય પ્રવાહિતા મંદ પડી જાય છે અને તેથી આ માસ સામાન્યરીતે સાઈડવે અથવા તો નકારાત્માક માસ કહેવાય છે. તેથી, ઉંચી સપાટીએ સાઈડવે આગળ આવનાર મજબૂતાઈનું પ્રતિક જણાય છે અને તેથી ચાલુ નાણાકીય વર્ષમાં આપણી અપેક્ષા કરતાં પણ વધુ ઉર્ધ્વગતિ જોવા મળે.

વિદેશી રોકાણકારો દ્વારા નાણાકીય

## ઈક્વિટી સ્ટાર્સ



**જતીન્દ્ર શર્મા**
**મો. ૯૮૯૯૨૫૨૦૩૪**
Website: www.equitystrategists.com

પ્રવાહિતાનો ધોધ ચાલુ જ રહેલ છે જે તેજીમયતાના માટે સારી બાબત છે.

સ્વદેશી વીમા કંપનીઓ પણ જાન્યુઆરી થી માર્ચ માસ દરમ્યાન સામાન્યરીતે ઘણું મોટું પ્રિમિયમ મેળવી શકે છે અને તે કારણે હાલમાં તેઓ અર્થપૂર્ણ ફંડના ઢગલા પર બિરાજેલ છે. શકય છે કે એમાંની કેટલિક પ્રવાહીતા એન એમ ડી સી અને એન ટી પી સી ના એફ પી ઓ માં ખેંચાઈ જાય, પરંતુ હાલમાં આ બાબત વિષય બહારની છે, પરંતુ આમાંની કેટલિક પ્રવાહિતા સેકંડરી માર્કેટ તરફ આગળ વધી શકે.

વૈશ્વિક બજારો પણ ઉંચી સપાટી પર બિરાજી રહેલ છે અને ખરેખર તો નેસડેક તેના ૧૮ માસની સૌથી ઉંચી સપાટી પર પ્રવર્તી રહેલ છે.

આગામી સપ્તાહે એડવાન્સ ટેક્ષના આંકડા પણ શેરના ભાવો પણ સારી કે નરસી અસર દર્શાવી શકે પરંતુ એમ લાગે છે કે કેટલાંક મોટાં માથાંના શેર

અનુસંધાન ૬ પાને

## અઠવાડિક સપોર્ટ અને રેજીસ્ટન્ટ લેવલ



અનુરાગ ગુપ્તા
મો : ૦૯૨૫૫૧૯૧૬૪૩
Email : anuraghsr@yahoo.com

૧૫ માર્ચ થી ૨૦ માર્ચ ૨૦૧૦ સુધી

| SYMBOL | CLOSE | TREND | RES2 | RES1 | TREND LEVEL | SUPP1 | SUPP2 |
|---|---|---|---|---|---|---|---|
| NF MARCH | 5144.70 | BULLISH | 5211.83 | 5178.27 | 5135.23 | 5101.67 | 5058.63 |
| ABB FUTURE | 864.45 | BULLISH | 902.15 | 883.30 | 851.65 | 832.80 | 801.15 |
| ACC FUTURE | 984.70 | BULLISH | 1028.90 | 1006.80 | 980.90 | 958.80 | 932.90 |
| BANKBARODA FUTURE | 615.40 | BULLISH | 646.73 | 631.07 | 603.33 | 587.67 | 559.93 |
| BEL FUTURE | 2092.85 | BULLISH | 2164.15 | 2128.50 | 2099.25 | 2063.60 | 2034.35 |
| BHEL FUTURE | 2388.05 | BULLISH | 2495.18 | 2441.62 | 2409.43 | 2355.87 | 2323.68 |
| BPCL FUTURE | 527.70 | BEARISH | 563.50 | 545.60 | 535.45 | 517.55 | 507.40 |
| CANBK FUTURE | 410.85 | BULLISH | 445.42 | 428.13 | 419.07 | 401.78 | 392.72 |
| CENTURYTEX FUTURE | 523.45 | BULLISH | 547.22 | 535.33 | 521.32 | 509.43 | 495.42 |
| CIPLA FUTURE | 317.30 | BULLISH | 328.50 | 322.90 | 319.10 | 313.50 | 309.70 |
| DABUR FUTURE | 168.25 | BEARISH | 176.68 | 172.47 | 170.28 | 166.07 | 163.88 |
| DLF FUTURE | 311.00 | BULLISH | 332.53 | 321.77 | 315.03 | 304.27 | 297.53 |
| DIVISLAB FUTURE | 640.95 | BULLISH | 680.18 | 660.57 | 645.03 | 625.42 | 609.88 |
| DRREDDY FUTURE | 1177.20 | BULLISH | 1197.03 | 1187.12 | 1174.08 | 1164.17 | 1151.13 |
| EDUCOMP FUTURE | 729.30 | BULLISH | 762.30 | 745.80 | 721.90 | 705.40 | 681.50 |
| GAIL FUTURE | 418.40 | BULLISH | 433.07 | 425.73 | 415.52 | 408.18 | 397.97 |
| GRASIM FUTURE | 2893.75 | BULLISH | 2985.38 | 2939.57 | 2874.18 | 2828.37 | 2762.98 |
| HCLTECH FUTURE | 361.35 | BEARISH | 369.38 | 365.37 | 360.38 | 356.37 | 351.38 |
| HDFC FUTURE | 2707.00 | BULLISH | 2806.13 | 2756.57 | 2668.28 | 2618.72 | 2530.43 |
| HDFCBANK FUTURE | 1806.75 | BULLISH | 1868.25 | 1837.50 | 1804.25 | 1773.50 | 1740.25 |
| HDIL FUTURE | 305.05 | BULLISH | 338.25 | 321.65 | 312.20 | 295.60 | 286.15 |
| HEROHONDA FUTURE | 1907.90 | BULLISH | 1964.57 | 1936.23 | 1897.17 | 1868.83 | 1829.77 |
| HINDUNILVR FUTURE | 219.95 | BEARISH | 250.58 | 235.27 | 227.18 | 211.87 | 203.78 |
| IDFC FUTURE | 166.70 | BULLISH | 172.93 | 169.82 | 164.58 | 161.47 | 156.23 |
| IDBI FUTURE | 119.85 | BULLISH | 129.65 | 124.75 | 121.90 | 117.00 | 114.15 |
| IFCI FUTURE | 52.35 | BULLISH | 56.85 | 54.60 | 53.15 | 50.90 | 49.45 |
| HINDPETRO FUTURE | 332.95 | BEARISH | 355.95 | 344.45 | 335.50 | 324.00 | 315.05 |
| ICICIBANK FUTURE | 936.05 | BULLISH | 960.85 | 948.45 | 927.40 | 915.00 | 893.95 |
| INDIACEM FUTURE | 120.90 | BULLISH | 133.97 | 127.43 | 123.47 | 116.93 | 112.97 |
| INFOSYSTCH FUTURE | 2678.40 | BULLISH | 2995.07 | 2836.73 | 2541.57 | 2383.23 | 2088.07 |
| IOC FUTURE | 304.45 | BEARISH | 316.08 | 310.27 | 306.13 | 300.32 | 296.18 |
| ITC FUTURE | 258.00 | BULLISH | 268.63 | 263.32 | 254.38 | 249.07 | 240.13 |
| IVRCLINFRA FUTURE | 325.70 | BULLISH | 357.33 | 341.52 | 332.28 | 316.47 | 307.23 |
| JSWSTEEL FUTURE | 1181.60 | BULLISH | 1266.40 | 1224.00 | 1190.55 | 1148.15 | 1114.70 |
| LT FUTURE | 1572.25 | BULLISH | 1632.55 | 1602.40 | 1582.20 | 1552.05 | 1531.85 |
| M&M FUTURE | 1138.55 | BULLISH | 1198.88 | 1168.72 | 1126.63 | 1096.47 | 1054.38 |
| MARUTI FUTURE | 1469.15 | BULLISH | 1548.32 | 1508.73 | 1485.37 | 1445.78 | 1422.42 |
| MTNL FUTURE | 73.10 | BULLISH | 78.27 | 75.68 | 74.17 | 71.58 | 70.07 |
| ONGC FUTURE | 1089.15 | BEARISH | 1118.45 | 1103.80 | 1092.15 | 1077.50 | 1065.85 |
| ORIENTBANK FUTURE | 292.90 | BULLISH | 319.37 | 306.13 | 298.67 | 285.43 | 277.97 |
| PRAJIND FUTURE | 87.85 | BULLISH | 90.88 | 89.37 | 87.48 | 85.97 | 84.08 |
| PUNJLLOYD FUTURE | 177.70 | BULLISH | 193.87 | 185.78 | 181.42 | 173.33 | 168.97 |
| PFC FUTURE | 265.10 | BULLISH | 274.60 | 269.85 | 261.25 | 256.50 | 247.90 |
| PATNI FUTURE | 521.30 | BULLISH | 545.97 | 533.63 | 512.37 | 500.03 | 478.77 |
| RANBAXY FUTURE | 464.90 | BEARISH | 492.20 | 478.55 | 465.40 | 451.75 | 438.60 |
| RELINFRA FUTURE | 1001.75 | BEARISH | 1073.68 | 1037.72 | 1015.63 | 979.67 | 957.58 |
| RELCAPITAL FUTURE | 796.65 | BULLISH | 828.18 | 812.42 | 802.23 | 786.47 | 776.28 |
| RELMEDIA FUTURE | 221.30 | BULLISH | 242.20 | 231.75 | 225.95 | 215.50 | 209.70 |
| RELIANCE FUTURE | 1025.90 | BULLISH | 1061.97 | 1043.93 | 1017.97 | 999.93 | 973.97 |
| ROLTA FUTURE | 180.65 | BULLISH | 193.82 | 187.23 | 183.07 | 176.48 | 172.32 |
| RPOWER FUTURE | 141.05 | BULLISH | 149.08 | 145.07 | 142.78 | 138.77 | 136.48 |
| RNRL FUTURE | 63.30 | BULLISH | 68.23 | 65.77 | 64.43 | 61.97 | 60.63 |
| SBIN FUTURE | 2049.65 | BULLISH | 2159.68 | 2104.67 | 2062.88 | 2007.87 | 1966.08 |
| TATAMOTORS FUTURE | 761.95 | BULLISH | 889.65 | 825.80 | 793.15 | 729.30 | 696.65 |
| TATAPOWER FUTURE | 1348.40 | BULLISH | 1393.03 | 1370.72 | 1341.38 | 1319.07 | 1289.73 |
| TATATEA FUTURE | 963.25 | BULLISH | 1002.32 | 982.78 | 962.47 | 942.93 | 922.62 |
| TCS FUTURE | 795.60 | BULLISH | 826.73 | 811.17 | 782.63 | 767.07 | 738.53 |
| TATASTEEL FUTURE | 607.00 | BULLISH | 636.93 | 621.97 | 611.03 | 596.07 | 585.13 |
| TITAN FUTURE | 1815.90 | BULLISH | 1900.57 | 1858.23 | 1820.62 | 1778.28 | 1740.67 |
| TATACOM FUTURE | 286.35 | BULLISH | 308.52 | 297.43 | 291.22 | 280.13 | 273.92 |
| UNITECH FUTURE | 74.50 | BULLISH | 81.83 | 78.17 | 75.93 | 72.27 | 70.03 |
| WIPRO FUTURE | 711.40 | BULLISH | 734.77 | 723.08 | 705.62 | 693.93 | 676.47 |
| ZEEL FUTURE | 275.00 | BULLISH | 292.37 | 283.68 | 273.97 | 265.28 | 255.57 |

**યશ મેનેજમેન્ટ, બીએસઈ કોડ ૫૧૧૬૦૧, હાલનો ભાવ રૂ.૯.૦૩**

નેનો ટેક્નોલોજી ક્ષેત્રે દિવસે અને દિવસે હરણફાળ પ્રગતિ કરતી આ કંપની આવનાર દિવસો અને વર્ષોમાં અણધારેલી સફળતા દર્શાવશે અને આ કંપનીમાં હાલના ભાવે કરેલ લાંબા ગાળાનું રોકાણ ઉમદા વળતર આપી શકે છે.

જાહેરાત

**યશ મેનેજમેન્ટ એટલે નેનો ટેક્નોલોજી ક્ષેત્રે છૂપાયેલો હીરો**

# સુગર અને એફ એમ સી જીને ટાળો, ઓ એન જી સી ખરીદો

બજારની હાલની સાઈડવે મુવ હવે પછીની આવનાર તેજી પહેલાંની શાંતિ છે. થોડા માસ પહેલાં દરેક રોકાણકાર સુગર સ્ટોક પાછળ પડયા હતા. અને આપણે શું અનુભવ્યું ? સુગર સ્ટોક જોરદાર રીતે નીચે આવ્યો.

એચ યુ એલ અને પી એન્ડ જીની ઓવર પ્રાઈઝીંગની લડાઈ બંને કંપનીઓના નફાના ગાળાને અસરકૃત

## ધારણા બજેટની



**રાજેશ કોઠારી**
**મો. ૦૯૮૯૨૧૪૫૩૩૫**

થશે. ક્રીસ્ટ એનીમેશન, ઓએનજીસી અને ગેઈલ ખરીદો.

બજાર આગામી સપ્તાહે બ્રેકઆઉટ આપશે. વોલ્યુમ ખૂબ જ ઓછું છે. નાણાં મંત્રીશ્રીએ છેલ્લે જણાવ્યા મુજબ આપણે હવે લાંબા સમય સુધી ઉછીનાં નાણાંના આધારે રહી શકીએ તેમ નથી.હવે આપણે તુરતમાં જ કરાનારવ્યાજદરના વધારા માટે તૈયાર રહેવું પડશે.

| શેરનું નામ | ભલામણ | હાલનોભાવ | લક્ષાંક-૧ | લક્ષાંક-૨ | સ્ટોપલોસ |
|---|---|---|---|---|---|
૧૯૯૦માં સ્થપાયેલી પરસીસ્ટન્ટ સિસ્ટમ્સ લી આઉટસોર્સ્ડ સોફટવેર પ્રોડકટ ડેવલપમેન્ટ (ઓપીડી)ના વ્યવસાય સાથે સંકળાયેલ કંપની છે. આ કંપની સોફટવેર સિસ્ટમ અને સોલ્યુશનનું વિસ્તૃતિકરણ અને જાળવણી, ન્યુ એપ્લીકેશન તથા હાલનાં સોફટવેર ઉત્પાદનોના વિસ્તૃતિકરણમાટે કાર્યરત છે.

આ કંપની ખાસ કરીને ટેલીકોમ્યુનિકેશન, લાઈફ સાયન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સિસ્ટમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહેલ છે.

આ કંપનીએ ૨૦૦૮ નાસકોમ ઈનોવેશન એવોર્ડ અને ડેલોટી ટાટોહમત્સુ ટેકનોલોજી ફાસ્ટ ૫૦૦ એશિયા સ્પેસિફિક ૨૦૦૯ એવોર્ડ પણ જીતેલ છે.

આ કંપની યુરોપ, અમેરિકા અને એશિયાખાતે ૯ ડેવલપમેન્ટ સેન્ટર્સ ધરાવે છે. ભારતમાં આ કંપનીનું સંચાલન પુનાથી કરવામાં આવે છે. આ કંપનીમાં ૩૫૦૦ કરતાં વધુ સોફટવેર પ્રોફેશનલ્સ કાર્યરત છે.

હાલમાં આ કંપની ૨૯૭ ગ્રાહકો ધરાવે છે જેમાંના ૧૦ ગ્રાહકોતો તેની આવકના ૩૭ જેટલી આવક કરાવી આપે છે.

આ કંપનીએ ૩૦૦૦ કરતાં વધુ ઉત્પાદનો તેના ગ્રાહકોને પુરા પાડેલ છે. આ કંપની ઓપીડી (ઓવરસીઝ પ્રોડકટ ડેવલપમેન્ટ) પર ધ્યાન કેન્દ્રિત કરી રહેલ છે જે તેમને લક્ષાંકિત સેગમેન્ટમાં તેમ જ ઘણા પ્રકારની સેવાઓમાં તેમના ગ્રાહકોની કાર્યપધ્ધતિ આનુસંગિક જરુરિયાતની સમજણને સમજવામાં અને તે માટે અદ્યતન ટેકનોલોજી પુરી પાડવી વગેરેનો સમાવેશ થાય છે જે તેમના વિકાસ માટે પણ કારણભુત છે. આ કંપની જે સેવાઓ પુરી પાડે છે તેમાં સમયગાળામાં ઘટાડો, ઉત્પાદનોની ગુણવત્તામાં વધારો, એન્જીનીયરીંગ ડેવલપમેન્ટ પ્રોસેસ સમયે જોખમમાં ઘટાડો તેમ જ એન્જીનીયરીંગ પ્રોસેસના વિકાસની તક અને ભરોસો ઉપલબ્ધ થાય છે.

**નવા ધંધા માટેની પહેલવૃત્તિ**

આ ક્ષેત્રમાં ઉમેરાતા નવા નવા ટેકનોલોજી ટ્રેડને કારણે ઉભરતી નવી નવી તકોને કારણે આ કંપનીને પહેલ વૃત્તિ દાખવવાની તક સાંપડી રહેલ છે જેમાં કોમ્પ્યુટીંગ /સાસ, એનાલીટીકસ, એન્ટરપ્રાઈઝ મોબીલીટી એન્ટર પ્રાઈઝ કોલોબોરેશન વગેરેનો સમાવેશ થાય છે. ઉત્પાદનોની નવી શ્રુંખલા સેવાઓ અને સ્ટોરેજ ડીલીવરી એ એન્ટરપ્રાઈઝની જરુરિયાત છે અને આ કંપની સાતત્યભરી રીતે તે તરફ ધ્યાન રાખી તેની તેના સિમિત મૂડીરોકાણ વચ્ચે પણ ક્ષમતામાં વૃધ્ધિ કરવા કોશીશ કરી રહેલ છે. અને તેથી આ ઈસ્યુ દ્વારા તેઓ નવી ડેવલપમેન્ટ ફેસીલીટી સ્થાપિત કરવી, હાલની સિસ્ટમને બીઝનેસ મોડલ મુજબ અપગ્રેડ કરવી, ઉત્પાદનો કોસ્ટ એફીસીટન્સ બનાવવાં રિસર્સ અને ડેવલપમેન્ટ દ્વારા રૂખને ઓળખી ઓપીડી પ્લેટર પર એક છાપ ઉભી કરવામાં પણ પહેલવૃત્તિ દાખવી રહેલ છે. જે પહેલવૃત્તિની વૃધ્ધિ તેના વિકાસ માટેનાં દ્વાર ખોલી રહેલ છે.

**નાણાંકીય બાબતો અને ભલામણ**

આ કંપનીની ૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષની કુલ આવકો અનુક્રમે ૬૦૦.૬૮ કરોડ, ૪૫૦.૪૬ કરોડ અને ૩૧૭.૭૧ કરોડ રહેવા પામેલ છે જયારે ચોખ્ખો નફો અનુક્રમે રૂ. ૬૬.૭૬ કરોડ, ૮૩.૩૮ કરોડ અને રૂ. ૫૭.૨૪ કરોડ થયેલ છે. આ કંપનીની શેર દીઠ આવક ઉપરોકત સમયગાળામાં અનુક્રમે રૂ. ૧૮, ૨૩ અને ૬૭ રહેવા પામેલ છે જયારે ઉપરોક્ત સમયગાળામાં એવરેજ ઓપરેટીંગ માર્જીન ૨૬ ટકાથી વધુ રહેવા પામેલ છે.

આ કંપની તેના ઉત્પાદનના દરેક સ્ટેજના વિકાસ સાથે સોલ્યુશન પુરી પાડવાની તેની ક્ષમતાને કારણે ઓપીડી સ્પેસમાં પોતાના માટે ખૂબ જ સારી જગ્યા બનાવી રહેલ છે. આ કંપની ટેલીકોમ્યુનીકેશન, લાઈફ સાયન્સ અને હેલ્થકેર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ક્ષેત્રમાં ખૂબ સારી ડોમેઈન નિપૂણતા ધરાવી રહેલ છે. સારું બીઝનેસ મોડલ, મજબૂત કોર્પોરેટ પક્કડ, સારૂં ઓપરેટીંગ માર્જીન, ઉચ્ચતમ નિપૂણતા ધરાવતા કર્મચારીઓ, વગેરેને કારણે આ કંપનીને ક્રેડીટ રેટીંગ કંપની ક્રીસીલ દ્વારા પણ ગ્રેડ -૪ આપવામાં આવેલ છે જે આ ઉદ્યોગના સરેરાશ કરતાં સારા ફન્ડામેન્ટલ દર્શાવી રહેલ છે.

હાલમાં આ કંપનીના શેર અપરબેન્ડમાં રૂ. ૩૧૦ ના ભાવે ઓફર કરવામાં આવેલ છે જે ના. વ. ૨૦૦૯ની આવકની તુલનામાં ૧૬નો પીઈ રેશિયો ધરાવે છે. આ સઘળી બાબતોનો અભ્યાસ કરતાં તેમ જ આ કંપનીની ક્ષમતા અને વિકાસમાટેની તકોને નજર સમક્ષ રાખતાં લીસ્ટીંગ ગેઈન તેમ જ લાંબા ગાળાના રોકાણ માટે આ શેરમાં અવશ્ય અરજી કરી શકાય.

## પરસીસ્ટન્ટ સિસ્ટમ્સ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૧૭ મી માર્ચ ૨૦૧૦ થી ૧૯ મી માર્ચ ૨૦૧૦**

| | | |
|---|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | : | ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | : | ૫,૪૧૯,૭૦૬ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | : | ૧૫૭.૧૭ - ૧૬૮.૦૧ કરોડ |
| **ભરપાઈ થયેલ મૂડીનો હિસ્સો** | : | ૨૦.૨૪ ટકા |
| **શેરની મૂળ કિંમત** | : | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | : | રૂ. ૨૯૦ થી ૩૧૦ |
| **ઓછામાં ઓછી અરજી** | : | ૨૦ શેર (રૂા. ૬૨૦૦) (અપર સાઈડ) |
| **વધારેમાં વધારે અરજી** | : | ૩૨૦ શેર (રૂા.૯૯૮૪૦) (અપર સાઈડ) |
| **પ્રમોટર્સ** | : | ડો. આનંદ દેશપાંડે<br>શ્રી એસ. પી. દેશપાંડે |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | : | ભગીરથ, ૪૦૨, સેનાપતિ બાપટ રોડ, પુના ૪૧૧૦૧૬ મહારાષ્ટ્ર.<br>ફોન નં. +૯૧ ૨૦ ૩૦૨૪ ૨૦૦૦<br>ફેક્સ નં. +૯૧ ૨૦ ૨૫૬૫ ૭૮૮૮ |

Email: investors@persistent.co.in
Website: http://www.persistentsys.com/

| | | |
|---|---|---|
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | : | લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લી.<br>સી - ૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ, એલ બી એસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ, મુંબઈ : ૪૦૦૦૭૮<br>ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮<br>ફેક્સ નં. +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯<br>Email: psl.ipo@linkintime.com<br>Website: http://www.intimespectrum.com |
| **બુકરનીંગ લીડ મેનેજર** | : | **એનમ સિકયુરીટીજ પ્રા લી.**<br>**જે પી મોર્ગન ઈન્ડિયા પ્રા. લી.** |
| **લીસ્ટીંગ** | : | બીએસઈ, એનએસઈ. |

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૨,૯૨૬,૬૩૮ | ૪૮૭,૭૭૩ | ૧,૪૬૩,૩૧૯ | ૫૪૧,૯૭૬ |

### આઈપીઓનો હેતુ

ડેવલપમેન્ટ ફેસીલીટી સ્થાપિત કરવી તેમ જ ગૌણ કંપનીઓને ડેવલપમેન્ટ ફેસીલીટી સુધારવા તેમ જ તેમના આઉટ અને ઈન્ટીરીયર ડીઝાઈન ખર્ચને પહોંચી વળવા માટે, હાર્ડવેર મેળવવા માટે, સામાન્ય ખર્ચ માટે ફંડ એકત્રિત કરવા માટે અને સ્ટોક એક્ષચેંજમાં લીસ્ટીગનો લાભ લેવા માટે

ક્રેડીટ રેટીંગ કંપની ક્રીસીલ દ્વારા આ આઈપીઓને ગ્રેડ -૪ આપવામાં આવેલ છે. તેનો મતલબ એ આ કંપનીના મંતવ્ય મુજબ આ આઈપીઓ સરાસરી ફંડામેન્ટલ કરતાં સારા ફંડામેન્ટલ ધરાવે છે. ક્રીસીલ ૫ થી ૧ સુધી ગ્રેડ આપે છે જેમાં ૫ સૌથી વધુ મજબૂત અને ૧ સૌથી નબળા ફન્ડામેન્ટલનું સૂચક છે.

## આઈપીઓના ગ્રે માર્કેટના ભાવ

| કંપનીનું નામ | ઓફર પ્રાઈઝ રૂ. | પ્રિમિયમ રૂ. | કોસ્ટક રૂ. એક લાખની અરજી |
|---|---|---|---|
| યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા | ૬૦ થી ૬૬ | ૯ થી ૯.૫૦ | - |
| ડીકયુ એન્ટરટેઈનમેન્ટ | ૭૫ થી ૮૦ | ૫૦ થી ૫૨ | |
| એન એમ ડી સી(એફપીઓ) | ૩૦૦ થી ૩૫૦ | ૨૦ થી ૨૫ | ૨૦૦૦ થી ૨૧૦૦ |
| પ્રદીપ ઓવરસીઝ | ૧૦૦ થી ૧૧૦ | ૧૬ થી ૧૭.૫૦ | ૧૯૦૦ થી ૨૦૦૦ |
| આઈએલએફએસ ટ્રાન્સપોર્ટેશન | ૨૪૨ થી ૨૫૮ | ૩૩ થી ૩૪ | ૧૯૦૦ થી ૨૦૦૦ |

**શેર બજારની એસ્ટ્રોલોજીકલ પ્રીડીક્શન માટે જૂઓ**

http//:www.astrostocktips.in

**મો. નં. ૯૮૧૦૦૧૮૪૩૮- ૯૮૧૦૦૫૬૫૪૩**

# ચાર્ટનું વાંચન અને પૃથ્થકરણ

**લર્ન એન્ડ ટ્રેડ**



**એ. શીવા**
**મો. ૯૬૦૦૪૮૮૧૩૬**
Email : tipssbsense_er@yahoo.co.in
http://www.tipssbsense.blogspot.com

**ચાર્ટનું વાંચન**

તમારે રોજે રોજ શેરનો વ્યાપાર ગોઠવવા માટે શેરનાચાર્ટ વાંચીને પૃથ્થકરણ કરીને વ્યાપાર માટેની તૈયારી કરવી જોઈએ. આ માટે શું બની ગયેલ છે અને હવે પછીના થોડા દિવસોમાં શું બનવાનું છે તે જાણવા માટે તમને ઘણા શેરના ચાર્ટ જોવાની જરૂર પડશે અથવા તો શેર બજારના ઈન્ડેક્ષના ચાર્ટ જોવાની જરૂર પડશે

**ભવિષ્ય નિદાન**

ભવિષ્ય નિદાન ? હા, સારી સ્ટોક ટ્રેડીંગ માટેની તક મેળવવા તેમ જ ખૂબ જ સારું પરિણામ હાંસલ કરવા માટે તમારે પ્રાઈઝ ચાર્ટની સાચે નીચે જણાવેલા સંકેતકનો ઉપયોગ કરવો પડશે કે જેથી તમે બજારની શકયતઃ રૂખ જાણી શકો.

### સાપ્તાહિક ટ્રેડીંગ સ્ટોક

**તા. ૧૫/૦૩/૧૦ થી ૧૯/૦૩/૧૦**

**સ્ટરલાઈટ ખરીદો**: **૮૨૭** ની આસપાસ,લક્ષાંક ૮૫૯ સ્ટોપલોસ ૮૧૯
**ચેન્નઈ પેટ્રો ખરીદો : ૨૫૪**ની આસપાસ , લક્ષાંક ૨૬૫, સ્ટોપલોસ ૨૪૯
**મોથેરસુમી ખરીદો : ૧૪૧**ની આસપાસ , લક્ષાંક ૧૫૫, સ્ટોપલોસ ૧૩૮

### આગામી સપ્તાહમાં કેશ નિફટીની અપેક્ષા

**તા.૧૫/૦૩/૧૦ થી ૧૯/૦૩/૧૦**

નિફ્ટી હાલની સપાટી ૫૧૩૭ નિમ્ન ગતિ માટેની મહત્વની સપાટી ૪૯૦૦, ૪૮૮૮ અને ૪૮૦૦, ઉર્ધ્વગતિ માટેની મહત્વની સપાટી અહીંથી ૫૧૫૦-૫૧૭૦ અને તે પછી ૫૨૦૮ થી ૫૨૫૦ અને ૫૩૮૯ થી ૫૪૦૦ - રૂખ ફ્લેટ

શેર બજારમાં સફળતા પૂર્વક રોકાણ કરવાની ચાવી એ જ છે કે એવા સંકેતકોનું સંયોજન શોધી કાઢવું કે જેના આધારે તમે સહેલાઈથી કામગીરી કરી શકો.

**ટેકો અને પ્રતિકારક સપાટી**

ટેકો અને પ્રતિકારક સપાટી શોધવા માટે મોટે ભાગે મુવીંગ એવરેજ, ટ્રેન્ડ લાઈન અને રિટ્રેસમેન્ટનો ઉપયોગ કરવામાં આવે છે.

**સ્ટોક વોલ્યુમ (શેરનો જથ્થો)**

ચોક્કસ સમય ગાળામાં શેરના જથ્થામાં થયેલ વધારો અથવા તો ઘટાડો શોધવા સિવાય આ બીજું કંઈ નથી જે સીધેસીધી વોલ્યુમ એવરેજ જાણવાથી મળી શકે.

**એમ એ સી ડી** જો બંને મુવીંગ એવરેજ નીચે વળાંક લે તો તે શેર ખરીદવા માટે નકારાત્મક વળાંક દર્શાવે

જયારે બંને મુવીંગ એવરેજ નીચે ને નીચે જવાનું ચાલુ રાખે ત્યારે એમ એ સી ડી મજબૂત બનતી દેખાય અને ઉચ્ચતમ નીચી સપાટી દર્શાવે

આખરે જયારે બંને મુવીંગ એવરેજ નવી નીચી સપાટી દર્શાવે ત્યારે એમ એ સી ડી હકારાત્મક વળાંકની રચના કરે છે.

**રિલેટીવ સ્ટ્રેન્થ :** રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડીકેટર એ બીજું ગતિસૂચક સંકેતક છે, જો તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો યોગ્ય સમયગાળા માટે યોગ્ય શેરમાં રોકાણ કરી શકાય છે. તેને સામાન્ય રીતે રિલેટીવ સ્ટ્રેન્થ ઈન્ડેક્ષ તરીકે ઓળખવામાં આવે છે કે જે તેનું સાચું નામ છે. તે ઓવરબોટ અને ઓવરસોલ્ડ સિગ્નલ્સ જાણવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**ફીબોનેસ્સી રિટ્રેસમેન્ટ :** જો આપણે ફીબોનેસ્સી સીરીજના બે સકસેસીવ નંબર્સનો રેશિયો લઈએ (૧, ૧, ૨, ૩, ૫, ૮, ૧૩, ..) અને જો આપણે દરેક નંબરને તેની આગળના નંબરથી ભાગીએ તો આપણને નીચે મુજબની શ્રુંખલામાં આંકડા જોવા મળશે.

૧/૧ = ૧, ૨/૧ = ૨, ૩/૨ =૧.૫,૫/૩ = ૧.૬૬૬..., ૮/૫ = ૧.૬, ૧૩/૮ =૧.૬૨૫, ૨૧/૧૩ = ૧.૬૧૫૩૮...

ફીબોનેસ્સી રિટ્રેસમેન્ટ પેટર્ન સ્વીંગ ટ્રેડર્સ માટે ઉપયોગી છે કે જે સ્ટોક ચાર્ટ પર રિવર્સલ જાણી શકે છે.

તેથી રિવર્સલ પોઈન્ટ સાથે આ સંકેતોનું સંયોજન, તેમ જ પેટર્નના ઉપયોગથી હવે પછીનો તેમ જ ભવિષ્યનો લક્ષાંક અને તે માટેનો સમયગાળો જાણીને, તે કયારે આ લક્ષાંક સુધી પહોંચશે તે નક્કી કરીને સફળતાપૂર્વક સંપૂર્ણ વ્યાપાર કરી શકાય છે.

જો તમે મારા દ્વારા ચલાવવામાં આવતા ટેકનીકલ એનાલીસીસના કલાસ અંગે જાણવા માગતા હો તો મને tipssbsense@yahoo પર ઈ મેઈલ કરી તમારી વિગતો મોકલો અને હું તમને કોર્સ અંગેની વિગતો મોકલીશ. હા, 'ધી ઈકોનોમિક રેવલ્યૂશન'નો રેફરન્સ આપવાનું ભૂલતા નહીં.

# પ્રાઈમરી માર્કેટની ખાટી મીઠી

## પ્રદીપ ઓવરસીઝનો આઈપીઓ શુક્રવાર સુધીમાં ૨.૨૭ ગણો ભરાયો

પ્રદીપ ઓવરસીઝનો આઈપીઓ હાલમાં ચાલુ જ છે અને તે તા. ૧૫ માર્ચના રોજ ભરણા માટે બંધ થનાર છે. શુક્રવાર તા. ૧૨ સુધીમાં આ આઈપીઓ ૨.૨૮ ગણો ભરાયેલ છે. આ આઈપીઓની પ્રાઈઝ બેન્ડ જાહેર થયા બાદ દરેક વર્ગના રોકાણકારો તરફથી આ આઈપીઓને સારો સહયોગ મળેલ છે. નોન ઈન્સ્ટીટયુશનલ ઈન્વેસ્ટર તરફથી તેમનો હિસ્સો ઓવર સબસ્ક્રાઈબ થયેલ છે અને ૭.૦૯ ગણો ભરાયેલ છે. જયારે છૂટક રોકાણકારો અને કયુબીઆઈ રોકાણકારોએ તેમનો હિસ્સો ૧.૨૭ ગણો ભરેલ છે. આ ઈસ્યુની પ્રાઈઝ બેન્ડ રૂ. ૧૦૦ થી ૧૧૦ રાખવામાં આવેલી છે અને આ દ્વારા આ કંપની રૂ. ૧૧૭ કરોડ એકત્રિત કરવા માગે છે.

## આઈ એલ એન્ડ એફ એસ નો આઈપીઓ ઓવર સબસ્ક્રાઈબ થયો

આઈ એલ અને એફ એસ ટ્રાન્સપોર્ટેશન નેટવર્ક (આઈટીએનએલ)ના આઈપીઓ તા. ૧૫મી માર્ચના રોજ બંધ થનાર છે. આ આઈપીઓને સારો પ્રતિભાવ મળેલ છે અને શુક્રવાર સાંજ સુધીમાં ૧.૮૬ ગણો ભરાયેલ છે. એન એસ ઈ વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટા અનુસાર કયુ આઈ બી ઈન્વેસ્ટર આ આઈપીઓ પ્રત્યે વધુ હકારાત્મક જણાયા છે અને તેમનો આઈપીઓનો હિસ્સો ૩.૫૩ ગણો ભરપાઈ થયેલ છે. જો કે એક વાત ખાસ નોંધવા જેવી છે કે છૂટક રોકાણકારો તથા બિનસંસ્થાકીય રોકાણકારો દ્વારા આ આઈપીઓને સારો પ્રતિભાવ મળેલ નથી, એટલે આમ જોઈએ તો આ આઈપીને કયુબીઆઈના કારણે જ સફળતા હાંસલ થયેલ હોય તેમ જણાય છે. આ આઈપીઓમાં પ્રાઈઝબેન્ડ ૨૪૨ થી ૨૫૮ રાખવામાં આવેલ છે અને આ દ્વારા આ કંપની રૂ. ૧૨૬ એકત્રિત કરવા ધારે છે.

## એન એમ ડી સી એન પી ને મળેલ સારી સફળતા

હાલમાં જ નવરત્ન પબ્લિક સેકટર હેઠળની એન એમ ડી સી ફોલોઅપ પબ્લિક ઓફર સાથે ભારતીય શેર બજારમાં સક્રિય થયેલ હતી. તેને ખૂબ સારો પ્રતિભાવ સાંપડેલ છે. કયુઆઈબી દ્વારા તેમનો હિસ્સો ૨.૨૮ ગણો ભરાયેલ છે. એકંદરે આ ઈસ્યુ ૧.૨૫ ગણો ભરાયેલ છે.

આ કંપનીએ ૩૩,૨૨,૪૩,૨૦૦ ઈકવીટી સાથે એફપીઓની જાહેરાત કરી હતી તે સામે તેમને ૪૧.૩૮ કરોડ ઈક્વીટી શેર માટેની બીડ મળેલ છે. મોટા ભાગની બીડ શેરદીઠ રૂ. ૩૦૦ ની છે. જે તેના પ્રાઈઝબેન્ડ ૩૦૦ થી ૩૫૦ ની નીચી સપાટી છે.

એલ આઈ સી, કે જે ભારતની સૌથી મોટી વીમા કંપની છે તે દ્વારા આ ઈસ્યુ બંધ થવાના છેલ્લા દિવસે રૂ. ૩૦૦ ના ભાવે ૭૫ - ૮૦ ટકા શેર સબસ્ક્રાઈબ કરવામાં આવેલ છે. જાણવા મળ્યા મુજબ આ કંપની દ્વારા રૂ. ૭૫૦૦ થી ૮૦૦૦ કરોડ આ એફપીઓમાં રોકવામાં આવેલ છે.

જો કે સિક્કાની બીજી બાજુ એ પણ છે કે આ એફપીઓમાં છૂટક તેમ જ સંસ્થાકિય રોકાણકારોને કોઈ ઉત્સાહ દર્શાવેલ નથી અને આ એનપીઓના તેમના રિઝર્વ હિસ્સો કે જે અનુક્રમે ૩૫ અને ૧૫ ટકા છે તેમાં ખાલી ૦.૨ ગણો આ ઈસ્યુ ભરાયેલ છે.

એન એમ ડી સીએ ૧.૯ લાખ છૂટક રોકાણકારોની અજીઓ મેળવેલ છે. જો કે આર ઈ સી કરતાં આ એફ પી ઓ માં છૂટક રોકાણકારોએ સારો રસ દાખવેલ છે. કર્મચારીઓએ પણ આ એફપીઓમાં સારો રસ દાખવેલ છે અને તેમનો હિસ્સો પણ ૬.૬ ટકા જેટલો ભરાઈ ગયેલ છે.

## ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લી. મે માસમાં ફરી વાર મૂડી બજારમાં દાખલ થશે

ગુજરાત સરકારની માલીકીની જી એસ પી સી ગ્રુપની કંપની ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન કે જે ઓઈલ એક્ષપ્લોરેશન અને ઉત્પાદાન ક્ષેત્ર સાથે સંકળાયેલ છે તે પબ્લીક ઓફર લાવવા માટે તૈયારી કરી રહેલ છે અને મે માસમાં બજારમાં પ્રવેશવા આયોજન કરી રહેલ છે. એક સરકારી પ્રવક્તાના રહેવા અનુસાર આ ઈસ્યુમાં તેનો ૧૦ થી ૧૫ ટકા હિસ્સો ડાયલુટ કરશે અને રૂ. ૩૦ થી ૩૫ બિલિયન એકત્રિત કરશે.

આ કંપનીએ આ આઈપીઓ માટે પાંચ મરચન્ટ બેંકરને ફરજ સોંપવા નિર્ણય કરેલ છે જેમાં ડીએસપી મેરીલ લીન્ચ , જે એમ ફાઈનાન્સિઅલ, કોટક ગ્રુપ એસબીઆઈ કેપિટલ અને સીટીબેંકનો સમાવેશ થાય છે. આ કંપનીએ ૫ ટકા શેરનું રૂ. ૮૧૦ ના ભાવે બેંક અને નાણાકીય સસ્થાઓને એલોટમેન્ટ કરેલ છે જેમાં એસ બી આઈ અને આઈડીબીઆઈ બેંકનો સમાવેશ થાય છે.

આ માટે જી એસ પી સી આગામી સપ્તાહે તેમનું ડ્રાફટ રેડ હેરીગ પ્રોસ્પેકટસ સેબી સમક્ષ રજુ કરશે.

**અનુસંધાન ૬ પાને**

**શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો**

# બજારની આગામી ચાલ "એડવાન્સ ટેક્સ"ના પેમેન્ટ ઉપર નક્કી થશે

મિત્રો જય જલારામ,

બજારની આગામી ચાલ "એડવાન્સ ટેક્સ"ના પેમેન્ટ ઉપર નક્કી થશે. એડવાન્સ ટેક્સ પેમેન્ટની છેલ્લી તારીખ ૧૫મી માર્ચ હોય છે તેથી ૧૫મી માર્ચ પછી આંકડાઓ બહાર આવવા

| વર્ષ | સેન્સેક્સ ઓપન | પી/ઈ રેશિયો | સેન્સેક્સ ક્લોઝ | તફાવત (વાર્ષિક) |
|---|---|---|---|---|
| ૨૦૦૩ | ૩૩૮૩.૮૫ | ૧૫.૦૨ | ૫૮૩૮.૯૬ | + ૨૪૫૫.૧૧ |
| ૨૦૦૪ | ૫૮૭૨.૪૮ | ૧૭.૨૬ | ૬૬૦૨.૬૯ | + ૨૪૫૫.૧૧ |
| ૨૦૦૫ | ૬૬૨૬.૪૯ | ૧૬.૨૧ | ૯૩૯૭.૯૩ | + ૨૭૭૧.૪૪ |
| ૨૦૦૬ | ૯૪૨૨.૪૯ | ૨૦.૧૮ | ૧૩૭૮૬.૯૧ | - ૪૩૬૪.૪૨ |
| ૨૦૦૭ | ૧૩૮૨૭.૭૭ | ૨૨.૨૫ | ૨૦૨૮૬.૯૯ | + ૬૪૫૯.૨૨ |
| ૨૦૦૮ | ૨૦૩૨૫.૨૭ | ૧૮.૨૨ | ૯૬૪૭.૩૧ | - ૧૦૬૭૭.૯૬ |
| ૨૦૦૯ | ૯૭૨૦.૫૫ | ૧૮.૦૮ | ૧૭૪૬૪.૮૧ | + ૭૭૪૪.૨૬ |
| ૨૦૧૦ | ૧૭૪૭૩.૪૫ | ૨૦.૯૨ | ૧૭૧૬૬.૬૨ | - ૩૦૬.૮૩ |

શરુ થશે. હાલમાં વિદેશી ફંડોની સતત લેવાલી છતાં બજાર જોઈએ તેવું વધતું નથી તેનું મુખ્ય કારણ એ છે કે દેશી ફંડો માર્ચમાં પોતાની (એનએવી)- નેટ એસેટ વેલ્યુ વધારવા સતત માલ વેચી રહી છે. ૨૦૦૯નાં માર્ચ મહિનામાં બજાર ક્યાં હતી તે આપ સૌ જાણો છો. વાર્ષિક ધોરણે સરખામણી કરીએ તો માર્ચ ૨૦૦૯માં લગભગ ૩૦૨૧ લેવલે નિફ્ટી હતી અને ૯૭૦૦ લેવલે સેન્સેક્સ હતું છેલ્લાં આઠ વરસમાં સેન્સેક્સની ચાલ કોઠામાં દર્શાવાઈ છે.

થોડુંક વિસ્તૃત રીતે તપાસીએ તો ૧૯૯૯ને અંતે સેન્સેક્સે ૫૦૦૫.૮૨નો ટોપ બનાવેલો. જે કોન્સોલીડેશન અને કરેક્શન બાદ ૨૦૦૩માં પાર થયો. અમે ફક્ત વાર્ષિક આંકડાઓની જ ચર્ચા કરીએ છીએ અને સેન્સેક્સનાં પોઈન્ટ ટુ પોઈન્ટ વધઘટની ચર્ચા કરતા નથી. કારણ કે આ આંકડાઓ અમે અગાઉનાં મોટા કરેક્શનની ચર્ચા વખતે આપી ચૂક્યા છીએ અને લાંબાગાળા માટેનાં ઉપરનાં સેન્સેક્સ નિફ્ટીનાં ટાર્ગેટ પણ આપી ચૂક્યાં છીએ. તે વાંચકોએ જોઈ જવા. બજારની ચાલ જોતાં લગભગ

| વર્ષ | સેન્સેક્સ ટોપ | સેન્સેક્સ બોટમ |
|---|---|---|
| ૧૯૯૮ | ૪૩૨૨.૦૦ | ૨૭૪૧.૨૨ |
| ૧૯૯૯ | ૫૧૫૦.૯૯ | ૩૦૪૨.૨૫ |
| ૨૦૦૦ | ૬૧૫૦.૬૯ | ૩૪૯૧.૫૫ |
| ૨૦૦૧ | ૪૪૬૨.૧૧ | ૨૫૯૪.૮૭ |
| ૨૦૦૨ | ૩૭૫૮.૨૭ | ૨૮૨૮.૪૮ |
| ૨૦૦૩ | ૫૯૨૦.૭૬ | ૨૯૦૪.૪૪ |
| ૨૦૦૪ | ૬૬૧૭.૧૫ | ૪૨૨૭.૫૦ |
| ૨૦૦૫ | ૯૪૪૨.૯૮ | ૬૦૬૯.૩૩ |
| ૨૦૦૬ | ૧૪૦૩૫.૩૦ | ૮૭૯૯.૦૧ |
| ૨૦૦૭ | ૨૦૪૯૮.૧૧ | ૭૬૯૭.૩૯ |
| ૨૦૦૮ | ૨૧૨૦૬.૭૭ | ૭૬૯૭.૩૯ |
| ૨૦૦૯ | ૧૭૫૩૦.૯૪ | ૮૦૪૭.૧૭ |
| ૨૦૧૦ | ૧૭૭૯૦.૩૩ | ૧૫૬૫૧.૯૯ |

આઠ વરસની સુપર સાઈકલ બાદ પ્રથમ મોટો કડાકો ૫૫--૬૦ ટકા આસપાસનો જોવાયો છે ત્યાર બાદ રિએક્શન રૂપે બજાર ઉપર જાય છે જ્યાં એક વરસમાં ઈન્ટરમીટન્ટ ટોપ બનાવે છે અને તે પછીનાં વરસે ફરી મોટો કડાકો આવે છે અને ત્યારબાદ બજાર નવા ઐતિહાસિક ટોપ બનાવવા તરફ આગળ વધે છે. આ વાત તમે વાર્ષિક ટોપ - હાઈ નાં ટેબલ ઉપરથી જોઈ શકશો.

વર્ષ ૨૦૦૦ની સાલમાં જે ૬૧૫૦.૬૯નો ટોપ બનાવેલો તે ૨૦૦૪માં તૂટ્યો. (૬૬૧૭.૧૫) હવે ૨૦૦૮ માં જે ૨૧૨૦૬.૭૭ નો ટોપ બનાવેલો તે ટાઈમ પીરીયડ પ્રમાણે ક્યારે તૂટે તે આંકડાકીય રીતે કહી શકાય. પરંતુ છેલ્લા વરસોમાં બજારમાં કરેકશન આવ્યા છે. તેના કારણો અનો આ વખતનાં કરેકશનનાં કારણોમાં થોડોક તફાવત છે તે ધ્યાનમાં રાખવો જોઈએ

એડવાન્સ ટેક્સના આંડકાનું તરત રિએકશન આવે છે પરંતુ તે લાંબાગાળાની છાપ મૂકી જતું નથી તેથી ગભરાવવાની જરુર નથી. આવતા મહિને કંપનીઓ પોતાનાં વાર્ષિક નફા

**કલમ કોટકની**



**શરદ કોટક**
**મો. ૯૮૨૫૦૬૮૨૧૧**
Skotak@KI-TRADE.com
WWW. KI-TRADE.COM

નુકશાનનાં સરવૈયા રજૂ કરશે ત્યાર બાદ કયો શેર લાંબી રેશનો ઘોડો છે તે નક્કી થઈ જશે. અનુમાનો બાંધી જંપ લાવવા

**અબાન ઓફશોર દરેક ઘટાડે ખરીદો ટાર્ગેટ ૧૫૦૦**

કરતા ઠોસ કારણો અને ફંડામેન્ટલ ઉપર રોકાણ કરવું લાંબાગાળા માટે વધારે હિતાવહ છે. બેંકિંગ સેકટરમાં રોકાણ માટે જે તે બેંકના એડવાન્સ ટેકસનાં આંકડા ગયા વરસનાં આંકડા સાથે સરખાવ્યા બાદ જ નિર્ણય લો. સ્ટીલ સેક્ટરનાં આંકડા સારા આવવાની શક્યતા છે. સમય જતાં આ સેક્ટરની બેલેન્સ શીટ સતત સુધારા દેખાડશે.

રિઆલીટી સેક્ટર વરસ દરમ્યાન સારો એવો વધારો દર્શાવી ચૂક્યો છે. એટલે ઘટાડે લેવાનું રાખો. કેપિટલ ગુડઝ ક્ષેત્ર સુધારો દર્શાવી રહ્યું છે. તેના ઉપર વોચ રાખો. ઓટો ક્ષેત્ર છેલ્લાં ત્રણ મહિનાથી ટોપ ગેઈનર્સનાં લિસ્ટમાં આવતું રહ્યું

**સેસાગોવામાં મોટા ઘટાડાની શક્યતા**

છે. ટાટા મોટર્સ, મારુતિ, મહિન્દ્રા વગેરેના વેચાણો સતત સુધારો દર્શાવી રહ્યા છે. હવે નફો પણ અપેક્ષિત સુધારો

**ટોરેન્ટ ફાર્મા દરેક ઘટાડે ભેગા કરો ટાર્ગેટ ૫૩૭**

દર્શાવે છે કે નહીં તે તપાસો. ટાટા મોટર્સ શુક્રવારે ૮૧૮નો ટોપ બનાવી પાછો પડ્યો છે અને ૭૬૦ ઉપર બંધ આવ્યો છે. ટૂંકાગાળામાં ૮૪૪ ઉપર જઈ શકે તેમ નથી કારણ કે ૮૨૦ ઉપર સેલિંગ પ્રેશર જોવાશે અને સતત શોર્ટ બિલ્ડ થશે. સિવાય કે એડવાન્સ ટેક્સનાં આંકડા બજારની અપેક્ષાએ અતિ સારા હોય. ટાટા સ્ટીલ પણ ૬૪૦ આસપાસનું

**મારુતિ ઉદ્યોગમાં ઘણા સકારાત્મક પરિબળો છતાં ૧૫૫૦ પાર કરતાં તેને લોઢાનાં ચણા ચાવવાનો વારો આવશે.**

રેસીસ્ટન્સ લેવલ બનાવશે જ્યાં સતત વેચવાલી આવવાની શકયતા ઊભી થશે. જેએસડબલ્યુ સ્ટીલ ૧૨૩૧નો ટોપ સાપ્તાહિક ધોરણે બનાવી ૧૧૭૮ નો બંધ છે. ૧૨૬૫ પાર કરતાં તેને પણ મુશ્કેલી પડશે. મારુતિ ઉદ્યોગમાં ઘણા સકારાત્મક પરિબળો છતાં ૧૫૫૦ પાર કરતાં તેને લોઢાનાં ચણા ચાવવાનો વારો આવશે. આ બધાં રેસિસ્ટન્સ લેવલ જે અમે આપી રહ્યા છીએ તે સાપ્તાહિક ધોરણે છે તે ધ્યાનમાં રાખો અને જો એ લેવલની ઉપર સારા સમાચાર થકી શેર ટકી જાય તો નવી અને તોફાની તેજી જોવા મળે તે ધ્યાનમાં રાખો. રિલાયન્સ વિદેશી રિફાઈનરી ખરીદવાનો સોદો મુલતવી રહ્યા બાદ સતત મજબૂતાઈ દેખાડી રહ્યું છે. ૯૯૫-૯૭૦ ઝોનનો મજબૂત ટેકો બનાવી ૧૦૪૦-૧૦૬૦નો રેસીસ્ટન્સ પાર કરવાની તૈયારી કરી રહ્યું છે. આ બધા પરિબળો ધ્યાનમાં રાખો.

**કેપિટલ ગુડઝ ક્ષેત્ર સુધારો દર્શાવી રહ્યું છે. ઓટો ક્ષેત્ર છેલ્લાં ત્રણ મહિનાથી ટોપ ગેઈનર્સનાં લિસ્ટમાં આવતું રહ્યું છે. ટાટા મોટર્સ, મારુતિ, મહિન્દ્રા વગેરેના વેચાણો સતત સુધારો દર્શાવી રહ્યા છે. હવે નફો પણ અપેક્ષિત સુધારો દશવિ છે કે નહીં તે તપાસો.**

**છેલ્લાં થોડાં વરસનાં સેન્સેક્સનાં ઓવર ઓલ વધારા વખતનાં ટોપ અને બોટમનાં આંકડા તપાસતાં હાયર ટોપ અને હાયર બોટમ બનાવતાં જોવાયા છે. ત્યાર બાદ આઠ વરસે મોટા કરેક્શન બાદ આ જ પ્રકારનું ફોર્મેશન બિલ્ડ થાય છે. ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૧૦માં ટોપ પછીનાં ઘટાડા બાદ વાર્ષિક નવા ટોપ ઉપર રેસીસ્ટન્સ જરુર આવે છે તથા તફાવત નજીવો છે. પરંતુ બોટમ સતત હાયર થઈ રહી છે તે સારી વાત છે. હવે શું કરવું ? તે વિશે અન્યત્ર અમે અમારું મંતવ્ય આપ્યું છે.**

## હાલમાં લાંબાગાળાનું રોકાણ કરી શકાય ?

**શેર બજાર અને જોખમ આ બંને નામ એક બીજાનાં પર્યાય છે. તમારે શેર બજારમાં કમાવું હોય તો જોખમ તો લેવું જ પડે. પરંતુ જોખમ કેટલું લેવું અને ક્યારે લેવું તે અગત્યની વાત છે. આપણે મકાન જેમ લાઈફ ટાઈમ માટે બનાવીએ છીએ. મૂડી રોકાણ પણ પાંચ દશ વરસના વ્યુ સાથે કરવું જોઈએ. અને મોકો મળે નફો બુક કરો અને, "ફરી રોકાણ કરવાની તક આવે જંપલાવી દો." ની નીતિ અપનાવી જોઈએ. નવા રોકાણકારે એકડે એકથી શરુઆત કરવી જોઈએ અને જૂના રોકાણકારે પ્રથમ રોકાણથી મૂલ્યાંકન કરવું જોઈએ. માર્ચ-૨૦૦૯ માં અમે સ્પષ્ટ જણાવેલ કે, "Stop Searching Bottom and Buy Good Stocks of your choice" તે વખતનાં સેન્સેક્સથી અત્યારનું સેન્સેક્સ બમણું થઈ ગયું છે જૂના રોકાણકારને ૧૦૦ ટકા નફો છે તેનો મતલબ એ નહીં કે નવા રોકાણકાર માટે તક નથી. તમે બીજા ક્યારે ઘૂસ્યા તે ભૂલી જાવ. તમારા માટે શું છે અને શું બાકી છે તેનો વિચાર કરો. અમે સ્પષ્ટ રીતે જણાવીએ તો, ૧૫૫૦૦ નાં નીચેનાં લેવલને ધ્યાનમાં રાખો. એ તૂટે તો ૧૨૩૦૦ સુધી સેન્સેક્સ નીચે જઈ શકે. આ બંને લેવલ એવરેજ કરવા માટેનાં છે. અને ૧૭૮૦૦ ઉપર સેન્સેક્સ ફરતો થાય પછી સેન્સેક્સ ૨૧૦૦૦ પાર કરે ત્યાં સુધીની ચાલ સુધી નિશ્ચિંત થઈ જવું જોઈએ. સ્ટોપલોસની થિયરી લાંબાગાળાનાં રોકાણકારરે બાજુએ મૂકી ક્યા લેવલે સારા સ્ટોકમાં એવરેજ કરી શકાય તે શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ. એક વખત ઐતિહાસિક ટોપ આસપાસ માર્કેટ ન ટકી શકતી હોય તો નફો બુક કરવાનું વિચારી શકાય. પંરતુ ૨૦૧૬ સુધી તમે રોકાણ જાળવી શકો તો અમે આપેલી થિયરી અનુસાર પોર્ટફોલિયો બનાવો. માર્ચ ૨૦૦૯માં જે અમને અનુસર્યા તે માલામાલ થઈ ગયા.**



**આવતા મહિને કંપનીઓ પોતાનાં વાર્ષિક નફા નુકશાનનાં સરવૈયા રજૂ કરશે ત્યાર બાદ કયો શેર લાંબી રેશનો ઘોડો છે તે નક્કી થઈ જશે. અનુમાનો બાંધી ઝંપ લાવવા કરતા ઠોસ કારણો અને ફંડામેન્ટલ ઉપર રોકાણ કરવું લાંબાગાળા માટે વધારે હિતાવહ છે.**

### NIFTY CLOSE : 5137.00

| | | |
|---|---|---|
| સાપ્તાહિક રેસીસ્ટન્સ | : | ૫૨૩૭-૫૩૩૭ |
| સાપ્તાહિક સપોર્ટ | : | ૫૦૪૭-૪૯૩૭ |

*આ સપોર્ટ સાપ્તાહિક ને બદલે બ્રેક આઉટ લેવલ તરીકે પણ તમે લઈ શકો છો. અને બંને તરફી બ્રેક આઉટ આવતાં ૨૦૦ પોઈન્ટની વધઘટ નોંધાશે. માર્ચ મહિનામાં જો કે માર્કેટને સાઈડ વે માં રહેવાનાં પોતાના ઘણા કારણો હોય છે. પરંતુ એપ્રિલ મહિનાથી વાર્ષિક પરિણામો બાદ માર્કેટની ચાલ નક્કી થઈ જશે.*

**ટૂંકાગાળા માટે સ્ટીલ સેક્ટરથી દૂર રહો**

### STOCK INDICES : WEEKLY MOVEMENT

| | 05- 03 -2010 | 12 - 03 -2010 | + - |
|---|---|---|---|
| Sensex | 16999.48 | 17166.62 | + 172.13 |
| Nifty | 5088.70 | 5137.00 | + 48.30 |

**ઉપરનાં આંકડાઓ તપાસતાં સતત સાત ટ્રેડીંગ સેશનથી સેન્સેક્સ અને નિફ્ટી ફ્લેટ બંધ આપી રહ્યા છે. માટે માર્કેટની આગામી દીશા-ચાલ વિશે અનુમાન થઈ શકે તેમ નથી, પરંતુ માર્કેટ નવી ચાલ માટે કંઈક રાહ જોઈ રહી હોય તેવું લાગે છે.**

## સાપ્તાહિક ટ્રેડીંગ સ્ટ્રેટેજી

**(૧) ટાટા મોટર**
**બંધ ભાવ : ૭૬૧**

૮૮૦ પાર થતાં ૮૧૭ નો પ્રથમ અને ૮૩૮નો બીજો ભાવ આવી શકે. એડવાન્સ ટેક્સનાં આંકડાઓ ચાલ નક્કી કરશે. ૭૮૦ પાર ન કરી શકે તો ૭૪૦નો પ્રથમ અને ૭૨૧નો બીજો નીચેનો ભાવ ધ્યાનમાં રાખવો.

**(૨) રિલાયન્સ**
**બંધ ભાવ : ૧૦૨૧**

સાપ્તાહિક દ્રષ્ટિએ ૧૦૦૫ ન તોડે તો લેણ કરીને ઊભા રહી શકાય અને ૧૦૪૦ નો પ્રથમ અને ૧૦૫૭નો બીજો ભાવ ધ્યાનમાં રાખો. ૧૦૫૭ પાર થતાં ૧૦૮૦-૧૦૯૦ આસપાસનું રેસીસ્ટન્સ લેવલ જ્યાંથી પ્રોફીટ બુકિંગ આવી શકે.

**(૩) બોમ્બે ડાઈંગ**
**બંધ ભાવ : ૫૫૫**

૫૯૧નો ટોપ બનાવી સાપ્તાહિક દ્રષ્ટિએ ઘટાડાની ચાલ દેખાડતાં ૫૪૦નું બોટમ બનાવી ૫૫૫ નો બંધ આવ્યો છે. એક વખત ૫૬૫ ઉપર બંધ આવીશકે તો ૬૧૧ સુધીની લાઈન ક્લીયર થઈ જાય. અને ૫૪૦ તોડે તો ૫૧૧ સુધી નીચે તરફનો માર્ગ ખુલી જાય. સોમવારે ૫૬૦ ઉપર રહે તો લઈને વેપાર ગોઠવવાની અમારી સલાહ છે. ૫૫૨નો સ્ટોપલોસ રાખવો.

**(૪) બીઆરએફએલ**
**બંધ ભાવ : ૨૨૪**

૨૧૯ તોડે તો ૧૯૮ સુધી નીચે જઈ શકે. મંદી કરવાની અમે સલાહ આ શેરમાં નથી આપતાં. ૨૨૦ ઉપર ટકી રહે ત્યાં સુધી ૨૩૩-૨૪૨ નાં ભાવની ધારણાં બાંધી શકાય.

**(૫) ચેન્નાઈ પેટ્રો**
**બંધ ભાવ : ૨૫૪**

૨૫૨ના સ્ટોપલોસે લઈને વેપાર કરવો. ૨૫૯-૨૬૪નો ભાવ આવે અને ૨૬૭ ઉપર તોફાની તેજીનાં ઝોનમાં પ્રવેશે.

**(૬) ટાટા સ્ટીલ**
**બંધ ભાવ : ૬૦૭**

૫૧૯ની બોટમ બનાવી ૬૦૦ ઉપર ટકી રહેલો શેર. નવી તેજી પૂર્વે થાક ખાતો જણાય છે. આવનારા દિવસોમાં ૫૮૪ નો સપોર્ટ ધ્યાનમાં રાખો. ૬૩૨ પાર થતાં ૬૫૦નો પ્રથમ અને ૬૮૮નો બીજો ભાવ આવશે. આવતા ૪૫ દિવસમાં ૫૮૪ તોડે તો ૫૪૪નો પ્રથમ અને ૪૮૭નો બીજો ભાવ આવે. અમે આ શેરમાં લાંબાગાળાનાં લેવલ આપેલ છે તે ધ્યાનમાં રાખો.

## અમારૂં મંતવ્ય

**(૧) ટાટા સ્ટીલ**
**બંધ ભાવ : ૬૦૭**

જો કે સ્ટીલની વૈશ્વિક ડીમાન્ડ જોતા ટાટા સ્ટીલનાં માર્જીન આવનારા દિવસોમાં ઘટી શકે છે. જેથી અમે હાલમાં ટાટા સ્ટીલમાં નવું લેણ કરવાની ભલામણ કરતાં નથી. અમારી દ્રષ્ટિએ જે લોકો ટાટા સ્ટીલમાં નફો ધરાવે છે તેમણે ઉછાળે નફો બુક કરવો જોઈએ. અને ૫૪૪ તૂટે ત્યાર બાદ નીચામાં ફરીથી એન્ટ્રી લેવી જોઈએ.

**(૧) જેએસડબલ્યુ સ્ટીલ**
**બંધ ભાવ : ૧૧૭૮**

વૈશ્વિક ડીમાન્ડ ની અચોક્કસતા તથા પ્રોફીટ માર્જીનમાં ઘટાડાની શક્યતા આ શેરમાં પણ છે માટે નવું લેણ હાલમાં કરવું નહીં. અને જેમની પાસે આ શેર હોય તેમણે ઉછાળે નફો તારવી લેવો. ૧૨૩૭ આસપાસનું મોટું રેસીસ્ટન્સ લેવલ પણ નજીકમાં છે. ૧૧૮૮ ઉપર ન ટકે તો ૧૧૧૭ નો પ્રથમ અને ૧૦૩૭નો બીજો ભાવ આવતા થોડા સપ્તાહોમાં આવી શકે છે.

**(૩) સેસા ગોવા**
**બંધ ભાવ : ૪૩૩**

કંપનીનો નફો સારો છે, પરંતુ ચીન તરફથી સસ્તા ભાવે આયર્ન ઓરનું ડમ્પીંગ થઈ રહ્યું છે જેની સામે બજેટમાં અપેક્ષિત ઈમ્પોર્ટ-આયાત ડ્યુટીમાં વધારો થયો નથી જે આ શેર માટે નકારાત્મક બાબત છે. હાલ પૂરતું આ શેરમાં નવું લેણ કરવું નહીં. ૪૫૪-૪૭૫ની રેન્જમાં આ શેરમાં મોટું રેસીસ્ટન્સ આવવાની પણ શક્યતા છે.

ટૂંકાગાળા માટે ૪૧૭ તોડતાં ૩૭૬ નો પ્રથમ અને ૩૧૯નો બીજો ભાવ આવવાની શક્યતા ઊભી થશે. અને લાંબાગાળાની વાત કરીએ તો ૨૩૭ થી આ શેર ચાલ્યો છે. માર્કેટ ખરાબ હોય તો આ શેર આવનારા થોડાં મહિનામાં ૨૩૭નો ભાવ દેખાડે તો ના નહીં.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatitya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387